# સહજ-સત્સંગ

અંક : ૨૩૯ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા ફેબ્રુઆરી - ૨૦૦૯



**રસો વૈ સઃ (પ્રભુ રસપૂર્ણ છે)**

**મુદ્રા સાથે અંગ ભંગિમા, સૌંદર્ય-રસ ટપકે,**
**રસાસ્વાદ કલા છંદનો, આ મહિંતળે વહેશે.**




**શ્રી માતાજી**

મા મીરાંબા મધુરા અતિ, સ્નેહમૂર્તિ સમાન,
ચૈત્યપુરૂષને ઢંઢોળીને, રચે અધ્યાત્મ-પ્રયાણ.

# પ્રાર્થના અને ધ્યાન

(૯-૫-૧૯૧૪)



આ પુદ્‌ગલ કે જેને હું તારી સેવામાં મૂકી શકું તેવું એક કરણ છે. તેનામાં હજી કાંઈક અંધકારમય અને બેસમજ ભરેલું તત્વ રહેલું છે, કોઈક વસ્તુ હજી એવી છે કે તારી શક્તિઓ પ્રત્યે તેણે જેવો જવાબ વાળવો જોઈએ તેવો વાળતી નથી, એ શક્તિઓના આવિર્ભાવને તે વિકૃત કરી નાખે છે અને ઢાંકી દે છે...

મને જગતની અંદર તારો જીવંત પ્રેમ બની રહેવા દે, એ સિવાય બીજું કાંઈ જ નહિ ! સારોયે અહંકાર, બધી જ મર્યાદા, બધીજ અંધકારમયતા અદૃશ્ય થઈ જાઓ અને એ રીતે આ ભંગુર અને ક્ષણજીવી કરણદ્વારા જે ઈચ્છા કામ કરે તે કેવળ તું જ હો એમ બનો.

મને સારીયે પૃથ્વીને છાઈ વળતા પ્રેમના એક ઝબ્બા જેવી થઈ જવા દો.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૯ વર્ષ : ૨૧

ફેબ્રુઆરી - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન

શ્રી માતાજી અહિં આ સ્થૂળ શરીરને પોતાનું પુદ્‌ગલ કહે છે. પુદ્‌ગલ એટલે અણુનો સમુહ. અહિં તેનો અર્થ થાય શારીરિક કોષોનો સમૂહ. અર્થાત આ ભૌતિક શરીર. આ શરીર પ્રભુ સેવામાં જ રત રહે એવી માતાજીની ઈચ્છા છે. પ્રભુ સેવા એટલે પૂજાપાઠ, જપ, ધ્યાન, વગેરે નહિ; પણ સાચી ચેતનામાં રહીને સહજરીતે જીવનમાં સામેથી આવતા કાર્ય માટે પ્રભુને પૂર્ણ સમર્પિત અને સભાન રહી એક કરણ તરીકે કાર્ય કરવું. પ્રભુના પ્રભાવને તે કાર્યક્ષેત્રમાં સક્રિય કરવો. પણ માતાજી અનુભવે છે કે આ ભાવમાં પણ હજી તે કરણ સર્વદા રહી શકતું નથી. અહંકાર સક્રિય બની સામાન્ય ચેતનામાં રહી તે કામ કરવા માંડે છે. આ ઘટના જ અંધકારમય છે અજ્ઞાનમય છે. અને અહંકાર પોતાની ચીલા-ચાલુ ભૂમિકા છોડવા તૈયાર નથી એ જ એની બે સમજદારી છે. આ અહંકાર એવું તત્વ છે જે હજી પ્રભુને સાચી રીતે જવાબ આપવા અને તે રીતે વર્તવા તૈયાર નથી. તેની દ્વારા જ અવચેતન અને અચેતન પોતાનો પ્રભાવ પાડવા મથતા હોય છે.

આ અવચેતન અને અચેતનના પ્રભાવ તળે અહંકાર પ્રભુની દિવ્ય-શક્તિઓને શુદ્ધ સ્વરૂપે કામ કરવા દેતો નથી. તેમને પાછળ ધકેલી પોતાની ટેવ મુજબ જ વર્તવા માગે છે આ જ વિકૃતિ છે. આ જ દિવ્ય-શક્તિઓના કાર્ય ઉપર એક આવરણ બની જાય છે.

શ્રી માતાજી અનુભવી રહ્યાં છે કે આ અહંકારના કાર્યને નામશેષ કરવું હોય તો અહંકારની સભાનતા અને સંકુચિતતા અને મર્યાદાઓનો નાશ કરવો પડશે. અવચેતન અને અચેતન અભાનતાના છાયા પ્રદેશમાં જ કામ કરી શકે છે. સંકુચિતતામાં જ પરમ-ચેતના માટેની અભાનતાની ઊંડી ખીણ તૈયાર થાય છે અને તે અંધકારમય બની જાય છે તેથી માતાજી પોતાને વિશાળ બનાવવાનો પ્રયત્ન આદરે છે. વિશાળતામાં એકાગ્રતા કરતા જ સભાનતાનો સૂર્ય-પ્રકાશ ફેલાવા માંડે છે. આ સભાનતા જ ધીમે ધીમે પરમ-ચેતના સાથે એકરૂપતા અને તાદાત્મ્યભાવ તરીકે વિકસે છે. માતાજી આવી પ્રભુ સાથેની એકરૂપતાને જ પ્રભુ પ્રેમ કહે છે. કારણ પ્રેમનું સાર તત્વ છે એકરૂપ થઈજવું.

માતાજી ફક્ત આ પ્રેમને પોતાનામાં જ અનુભવવા માંગતા નથી. પણ તેને દૈનંદિન-જીવનમાં પોતાના કર્મો દ્વારા અન્યો પ્રત્યે પણ વહેતો કરવા ઈચ્છે છે. આવી રીતે કર્મો દ્વારા તેને વ્યક્ત કરવો એને માતાજી 'જીવંતપ્રેમ' કહે છે. માતાજીને ફક્ત આવા જીવંત પ્રેમમય બની રહેવું છે.

આમ થશે ત્યારે જ અહંકાર પોતાની મર્યાદાઓ અને અજ્ઞાનને ત્યાગશે અને પ્રભુની સભાનતા સ્વરૂપ બની જશે. આવી રીતે અહંકાર વિલિન થતાં, અથવા કહો કે તેનું રૂપાંતર થતાં આ મૃત્યુશીલ શરીર, જે પ્રભુના કાર્યનું કરણ છે તે, પ્રભુનાં સંકલ્પાનુસાર જ કાર્ય કરશે. અહંકારની દખલગીરી નષ્ટ થશે. ફક્ત પ્રભુ જ કર્મો દ્વારા પ્રગટ થશે.

માતાજી આવી રીતે જીવંતપ્રેમ ને કર્મો દ્વારા પ્રગટ કરવા ઈચ્છે છે અને તેમના કર્મોનું અને પ્રેમનું કાર્યક્ષેત્ર સમગ્ર પૃથ્વી બની રહે એવી અભીપ્સા સેવે છે.

માતાજીને નાનપણમાં પાંચમાં વર્ષથી જ જે પ્રતીકાત્મક સોનેરી ઝબ્બાની અનુભૂતિ આવતી હતી તે અહિં અજાણતા જ તેનો ઉલ્લેખ કરે છે.

---

## સંવાદમયતા

**'મા, મને તારા કાર્યો કરતા ક્યારેય પણ થાક ન લાગે એવું બળ આપજે. ખરેખર મા, તારા સૌ કાર્યો એ તો પ્રભુના કાર્યો છે. મને એવી અવસ્થામાં મૂકો મા કે કશું જ મને અવરોધક ન બને ?**

**૧૭.૧૨.૮૦ - શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**

**: SPONSORESHIP :**

This issue is sponsered by

**RAVINDRA & TARALIKA PATEL**

of U.S.A. in gratitute to late

Shri Bhupendrabhai Trivedi

who enlightened them with the spirituality of

**Shri Aurobindo and The Mother**

# ઈન્કાર

- જ્યોતિબેન થાનકી

ઈન્કાર એટલે પ્રવેશબંધી. જ્યારે કોઈ ગુંડા જેવો માણસ આપણો દરવાજો ખખડાવે તો તેને જોઈને જ આપણે આપણો દરવાજો બંધ કરી દઈએ છીએ. જો તે પરાણે ઘૂસવાનો પ્રયત્ન કરે તો ધક્કા મારીને બહાર કાઢી મૂકીએ છીએ. અને ઘરના બધાં જ બારી બારણાં બંધ કરી દઈએ છીએ. ઉપરાંત બહાર વાવાઝોડું હોય ત્યારે બારી બારણાંની તિરાડો સુદ્ધાં પૂરી દઈએ છીએ. પછી બહારના તોફાનથી સુરક્ષિત બનીને ઘરમાં નિશ્ચિંત બનીને રહીએ છીએ. આવું જ આપણા આત્માના ઘરનું છે. આપણને હેરાન પરેશાન કરતી બાબતો પ્રત્યે આપણે દરવાજો બંધ કરી દેવાનો છે. જો આ આપણે કરી શકીએ તો પછી દુનિયાની કોઈપણ બાબત આપણને હેરાન કરી શકતી નથી. આ દરવાજો બંધ કરવાની પ્રક્રિયા, કોઈ વિરોધી વસ્તુઓ કે સૂચનોને આપણી અંદર પ્રવેશવા ન દેવાની ક્રિયા એટલે ઈન્કાર. નિમ્ન પ્રકૃતિની સઘળી ક્રિયાઓનો ત્યાગ એટલે ઈન્કાર જે કંઈ પ્રભુ વિરોધી હોય, દિવ્યતાના માર્ગમાં અવરોધરૂપ હોય તે સઘળી વસ્તુઓના ત્યાગને શ્રી માતાજી ઈન્કાર કહે છે.

**યોગ સાધના માટે ઈન્કારની આવશ્યકતા :**

સામાન્ય મનુષ્યનું જીવન તો સુખ-દુઃખ, હર્ષ-શોકના દ્વન્દ્વોમાં પસાર થતું હોય છે. મોટાભાગના મનુષ્યો તો ભૌતિક સુખ-સમૃદ્ધિ મેળવવા પાછળ પોતાનું જીવન પસાર કરી દેતા હોય છે. એમને કંઈ ઈન્કારની જરૂર હોતી નથી. તેઓ તો જે કંઈ આવતું હોય છે. તેને સ્વીકારીને એ પ્રમાણે સુખી કે દુઃખી થાય છે. પણ જેઓને આત્માનું જીવન જીવવું છે, સુખ-દુઃખથી પર એવા અક્ષય આનંદમાં રહેવું છે, તેમને શરૂઆતમાં સભાનપણે ઈન્કારની જરૂર રહે છે. કેમકે જે કોઈ ભગવાનને મેળવવા પ્રયત્નશીલ બને છે, તેના માર્ગમાં વિરોધી શક્તિઓ અનેક વિઘ્નો ઊભા કરે છે. જ્યાં સુધી મનુષ્ય સામાન્ય જીવન જીવતો હોય ત્યાં સુધી એ જીવનના સ્તરે જીવવા પ્રયત્ન કરે કે બધી જ મુશ્કેલીઓ આવી પડે છે. આથી આ વિરોધી શક્તિઓની નાકાબંધી-અંદરમાં પ્રવેશ ન કરે, તે માટેનો સતત ચોકી પહેરો અનિવાર્ય બની રહે છે.

**વિરોધી શક્તિઓ શા માટે આવે છે ?**

વિરોધી શક્તિઓ પ્રભુના રસ્તે જતા મનુષ્યને અટકાવવા માટે, એને પોછો વાળવા માટે આવે છે. તેમનું એ તો કામ છે. તેમ છતાં દરેક મનુષ્યની ચેતનાની સ્થિતિ પ્રમાણે વિરોધી શક્તિઓ તેના ઉપર હુમલો કરતી રહે છે. તેનાં આવવાનાં બીજાં ઘણાં કારણો હોય છે.

**(૧) વિરોધી શક્તિઓને મળતો આવકાર :**

મનુષ્ય જ્યારે ભગવાનના રસ્તે વળે છે, ત્યારે કંઈ એનું સંપૂર્ણ શુદ્ધિકરણ તાત્કાલિક થઈ જતું નથી. તેની પ્રકૃતિમાં એવાં ઘણાં નિમ્ન તત્ત્વો રહી જાય છે. એ તત્ત્વો આ વિરોધી શક્તિને આવકારે છે. જો મનુષ્યની સૂક્ષ્મ દૃષ્ટિ જાગૃત ન હોય તો તેને એમ જ થાય કે આ તો બહારથી આવીને ઘૂસી ગયાં છે. પણ ખરેખર તેમને અંદરથી આમંત્રણ મળ્યું હોવાથી તેમણે આવીને કબજો જમાવી દીધો હોય છે. જ્યાં સુધી અંદરનું સંપૂર્ણ શુદ્ધિકરણ ન થાય ત્યાં સુધી એ પરિબળો અંદર આવતાં જ રહે છે. એટલે અહીં બે સ્તરે કામ કરવાનું રહે છે. બહારથી આવતાં એ વિરોધી બળોનો ઈન્કાર અને અંતરમાં ખૂણે ખાંચરે છૂપાઈ રહેલાં આપણી જ પ્રકૃતિના નિમ્ન તત્ત્વોની સફાઈ સંપૂર્ણ શદ્ધિકરણ થઈ જશે, પછી એ વિરોધી શક્તિઓ અંદર પ્રવેશશે તો ખરી પણ એને આધાર ન મળતાં આંટો મારીને ચાલી જશે. એ અડ્ડો જમાવીને નુકસાન નહીં કરી શકે.

**(૨) આંતરિક અસમતુલા :**

ઘણીવખત મનુષ્ય નિરાશ થઈ ગયો હોય. તેની શ્રદ્ધા ઉપર શંકાનું આક્રમણ થયું હોય. પથ ઘણો લાંબો લાગતો હોય, તેવે સમયે તેની આંતરિક સમતુલામાં ભંગાણ પડે છે. થોડીક્ષણો માટે તેની ચૈત્ય ચેતનાથી તે દૂર સરી પડે છે. અને આ થોડી ક્ષણોમાં જ વિરોધી સેનાનું આખું ધાડું એની અંદર ઘૂસી જાય છે અને જે કંઈ તેણે પ્રાપ્ત કર્યું હોય, તેણે જે કંઈ મહેનત કરી હોય તેને નષ્ટ-ભ્રષ્ટ કરવા પ્રયત્ન કરે છે. તે વખતે માણસ એવું માનવા લાગે છે કે તે પોતે નકામો છે. તેનામાં આધ્યાત્મિક જીવન માટેની કોઈ પાત્રતા નથી. આ જીવનમાં તે કદી ભગવાનને મેળવી શકશે નહીં. અને પછી હતાશ થઈને આધ્યાત્મિક માર્ગેથી પાછો વળી જાય છે. આવા સમયે ઈન્કારની જરૂર રહે છે અને આંતરિક સમતુલા ફરી સ્થાપીને, બધાં જ વિરોધી સૂચનોને ફગાવી દઈને સાધનાના માર્ગે આગળ જ વધવાનું રહે છે.

**(૩) વાતાવરણમાંથી થતા હુમલાઓ :**

કોઈ વખત એવું પણ બને કે કોઈપણ જાતનું કારણ ન હોય, અને એકાએક માણસ નિરાશા કે ઉદ્વેગ અનુભવવા લાગે. સાધનામાં પણ કોઈ જ કારણ વગર ભારે

નિરાશા અનુભવાય. એની પાછળ શું કારણ હશે ? આવા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રી અરવિંદે જણાવ્યું હતું કે ''આવી બધી વસ્તુઓ વાતાવરણમાં રખડતી જ હોય છે. તે માણસને જાણ કર્યા વગર તેનામાં કૂદી પડતી હોય છે. તે ક્યાંથી આવે છે, તે જાણવું મુશ્કેલ હોય છે. ઘણી વખત પોતાની અંદર કંઈ પણ કારણ હોતું નથી. પણ શરીર ઉપર જ્યારે આવી કોઈપણ વસ્તુ ઓચિંતી આવી પડે, ત્યારે આપણે તેને તત્ક્ષણ દૂર ફેંકી દઈએ છીએ, તે રીતે આ વસ્તુઓને પાછા દૂર ફેંકી દેવાની હોય છે.'' આપણી આસપાસનું વાતાવરણ વિરોધી શક્તિઓથી ભરેલું હોય છે. અનેક એવાં વિરોધી સૂચનો ફરતાં જ હોય છે, જેને આપણે સ્થૂલ દૃષ્ટિથી જોઈ શકતાં નથી. પણ તેઓ હુમલો કરે છે, પછી આપણને બેચેની હતાશા અનુભવાય છે. જ્યારે આવું આચિંતુ થાય ત્યારે શરીર પર પડેલાં જીવડાંને જેમ ઝાટકો મારીને દૂર કરી દઈએ છીએ, એ જ રીતે આ સૂક્ષ્મ જંતુઓને પણ ઝાટકા મારીને આપણી ચેતનામાંથી ફેંકી દેવા પડે છે. આ માટે આપણે સતત સાવધ રહેવું પડે છે.

**ઈન્કાર કેવી રીતે કરશો ?**

**૧. સ્થિર રહીને સતત ઈન્કાર કરવો :**

પ્રભુવિરોધી શક્તિઓ બહુ જ ચીટકુ હોય છે. તે સહેલાઈથી કબજો છોડતી નથી. આથી દૃઢ સંકલ્પ કરીને તેને ચેતનામાંથી બહાર ફેંકી દેવી પડે છે. એક વાર ફેંકી દીધી એટલે તેમાંથી મુક્ત થઈ ગયાં એવું નથી. એ વસ્તુઓ ફરી ફરીને આવતી રહે છે. આ વિષે માર્ગદર્શન આપતાં શ્રી અરવિંદ કહે છે કે ''તમારે એક સતત અને સ્થિર રીતે નકાર કરીને ત્યાંથી ઈન્કાર કરવો જોઈએ. જ્યાં સુધી તમારી અંદર કોઈ વસ્તુ હા પાડશે અથવા સ્વીકારશે ત્યાં સુધી એમને પાછા ફરવાની સતત શક્યતા છે.'' માણસની અંદર એક નાનું એવું છિદ્ર પણ રહી ગયું હોય તો તેમાંથી પણ વિરોધી શક્તિઓ પ્રવેશી જાય છે. આ વિષે શ્રી અરવિંદે લખ્યું હતું કે, ''વિરોધી શક્તિ માટે કોઈપણ બાબત હુમલો કરવા માટે પૂરતી થઈ પડે છે. પછી એ બાબત ભલેને ભૌતિક બાહ્ય મન માટે સાવ નજીવી હોય, એક નાના સરખા બિંદુ જેટલી હોય, પણ એ બિંદુ કટોકટીનું બિંદુ બની રહે છે. એને તાબે થવું એટલે કિલ્લાની એક ચાવી સોંપી દેવી. ભલેને એ પછી પાછળની ડોકાબારી જ કેમ ન હોય ! પણ એ ડોકાબારી યે વિરોધી શક્તિઓને પ્રવેશવા માટે પૂરતી છે.'' એટલે પ્રથમ તો સતત સભાનતા કેળવવાની રહે છે અને પછી વિરોધી શક્તિઓનો સ્થિર પણે સતત ઈન્કાર કરવાનો રહે છે.

**૨. દીવાલ જેવા અડીખમ બનવું :**

પ્રભુવિરોધી શક્તિઓ બહુ જ ચાલાક હોય છે. તેઓ મનુષ્યને પ્રભુના માર્ગેથી પાછા વાળવા અનેક પ્રકારની યુક્તિ - પ્રયુક્તિઓ આચરતી હોય છે. માણસના મનને ગેરરસ્તે દોરી જાય છે. પૂર્ણયોગના સાધકે વિરોધી શક્તિઓની ચાલબાજી સામે સાવધ રહીને મક્કમતાપૂર્વક તેનો સામનો કરવાનો છે. અનેક પ્રકારના વિરોધી સૂચનોની સામે તેણે પોતાની સંકલ્પશક્તિની મજબુત દીવાલ ઊભી કરી દેવી જોઈએ. આ વિષે શ્રી અરવિંદે પત્રમાં જણાવ્યું હતું કે, ''તમારે એક ઊંચી દીવાલ જેવા બનવું જોઈએ કે જેના ઉપર તોફાની દરિયો અથડાય પણ ફાવે નહીં.''

**૩. અનાસક્ત બની જવું :**

જ્યારે વિરોધી શક્તિઓનો હુમલો થાય ત્યારે જો તેના ઉપર બિલકુલ ધ્યાન આપવામાં ન આવે તો તેનું જોર ઓછું થઈ જાય છે. આ વિરોધી શક્તિઓ બહારથી આવી છે, એથી એનું નિરીક્ષણ કરવું, પણ એની સાથે ઓતપ્રોત ન થવું, એની ગતિવિધિમાં રસ ન લેવો, પણ અળગા થઈ જવું, ઉદાસીન થઈ જવું. એની સાથે લડવું, ઝગડવું પણ નહીં. લડવા ઝગડવામાં આપણી શક્તિ ખલાસ થઈ જાય અને તેમનો હેતુ સિદ્ધ થાય. આ હુમલાઓથી બચવાનો અસરકારક ઉપાય એના પ્રત્યે ધ્યાન નહીં આપવાનો છે. વિરોધી શક્તિઓની સદંતર ઉપેક્ષા કરવી એ જ એની પકડમાંથી છૂટવાનો સરળ માર્ગ છે. શ્રી અરવિંદ કહે છે કે, ''જો તમે તમારા ઈન્કારમાં મક્કમ રહેશો તો એ વસ્તુ એને નિરાશ કરશે, દુર્બળ બનાવી દેશે અને છેવટે એ સાવ મૃતપાય બનીને છાયારૂપ બની જશે અને પછી અદૃશ્ય બની જશે.''

**ઈન્કાર પણ ન થઈ શકે ત્યારે શું કરવું ?**

ઘણીવખત માણસ વિરોધી શક્તિઓથી એટલો બધો ઘેરાઈ ગયો હોય છે કે તેનો ઈન્કાર કરી શકે તેટલું સામર્થ્ય પણ તેનામાં હોતું નથી. નિરાશા, હતાશા, વિષાદ, યાતના, દર્દથી ઘેરાયેલો મનુષ્ય આ બધાંને પોતાની ચેતનામાંથી બહાર ફેંકી દેવા સમર્થ નથી. આ પરિસ્થિતિમાં શું કરવું ? આ અંગે સાધકને માર્ગદર્શન આપતાં શ્રી અરવિંદે જણાવ્યું હતું કે, ''જો તેમનો સંપૂર્ણ ઈન્કાર ન થઈ શકે તો પણ માણસે મનનો એક ભાગ એવો સચેતન રાખવો જોઈએ કે જે સૂચનોનો ઈન્કાર કરે અને મુશ્કેલીઓમાં ભાગ ન લે. અને તે વખતે મક્કમ પણે એમ કહેવું જોઈએ કે, ''હું જાણું છું કે આ શું છે, અને હું જાણું છું કે આ પસાર થઈ જ જશે.'' હું મારા ધ્યેય પ્રત્યે જવાનો પ્રયત્ન ચાલુ જ રાખીશ. એ સિદ્ધ કરવામાં મને કોઈ રોકી નહીં શકે. કારણ એ મારા આત્માનો સંકલ્પ છે, અને તે સિદ્ધ થશે જ.'' આવું દૃઢ વલણ અપનાવીને માણસે વિરોધી શક્તિઓ તરફ બિલકુલ ધ્યાન આપ્યા વગર, પોતાનું કામ ચાલુ

રાખવું જોઈએ. જે રીતે આપણે માખીઓની ગણગણાટ અને પક્ષીઓના કલબલાટ પ્રત્યે ઉપેક્ષા સેવીએ છીએ એ રીતે આ વિરોધી સૂચનો પ્રત્યે ઉપેક્ષા સેવવી જોઈએ. શ્રી અરવિંદ કહે છે; ''તમે બીજું કંઈ ન કરી શકો તો, તમારે ઓછામાં ઓછું તટસ્થ બની જવું જોઈએ. સ્વરૂપનો એક ભાગ હંમેશા એવો હોય છે કે જે અનાસક્ત રહી શકે છે અને ટકી રહે છે અને ઊર્ધ્વમાંથી શક્તિને નીચે બોલાવી શકે છે.''

**નિમ્ન પ્રકૃતિની સઘળી ક્રિયાઓનો પરિત્યાગ :**

પૂર્ણયોગમાં તો મનુષ્યે પોતાને આમૂલ રૂપાંતર કરવાનું છે. પરમ ચેતના સાથે એકરૂપ બનવાનું છે આ માટે નિમ્ન પ્રકૃતિના પરિબળોનો સતત ઈન્કાર કરવાનો રહે છે. શ્રી અરવિંદે 'મા' પુસ્તકમાં આ વિષે જણાવ્યું છે કે પૂર્ણયોગના સાધકે મનોમય, પ્રાણમય અને શારીરિક ભૂમિકાઓ પરની નિમ્ન પ્રકૃતિની સઘળી ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ. તેઓ જણાવે છે કે, મનોમય પ્રકૃતિની ક્રિયાઓ એટલે કે મનના વિચારો, તેના અભિપ્રાયો, તેના પક્ષપાતો, તેના જૂના અભ્યાસો, તથા તેણે પોતે બાંધેલા ધારાધોરણો અને તેના પરિમિત માનસિક ઘડતરો આ સર્વેનો અસ્વીકાર. જેથી કરીને નીરવ થયેલા મનમાં સત્યજ્ઞાનની જ્યોતિનો ઉદય થવા માટે મુક્ત અવકાશ મળે.''

''પ્રાણમય પ્રકૃતિની ઈચ્છાઓ, માગણીઓ, વાસનાઓ, ઈન્દ્રિયોના સંસ્પર્શો, રાગ, સ્વાર્થ, અભિમાન, દર્પ, કામવાસના, લોભ, ઈર્ષા, અસૂયા અને સત્ય સામે વૈરવૃત્તિ વગેરે સર્વનો સદંતરત્યાગ. જેથી કરીને સ્થિર, વિશાળ, સમર્થ અને સમર્પિત થયેલા પ્રાણમય સત્‌માં ઊર્ધ્વમાંથી સત્યશક્તિ અને આનંદ અવતરણ કરી શકે.''

''સ્થૂલ શારીરિક પ્રકૃતિમાં રહેલી મૂઢતા, સંશય, અશ્રદ્ધા, તમોગ્રસ્તતા, દુરાગ્રહ, ક્ષુદ્રતા, પ્રમાદ, રૂપાંતર માટેનો ઈન્કાર, તમોગુણ, આ સર્વનો ત્યાગ. જેથી કરીને જ્યોતિની, શક્તિની અને આનંદની વાસ્તવિક પ્રતિષ્ઠા ઉત્તરોત્તર વધારે ને વધારે દિવ્ય બનતા દેહમાં થઈ શકે.''

આ રીતે હરેક ભૂમિકા પર, ચેતનાના પ્રત્યેક સ્તરે જે કંઈ પ્રભુ વિરોધી છે. એ સઘળાંનો સતત ઈન્કાર કરતા રહેવાનો છે. શ્રી અરવિંદ કહે છે; ''યોગીએ પ્રકૃતિની બધી ક્ષતિઓને નિમ્ન પ્રકૃતિની ગતિ તરીકે જોવી જોઈએ; અને તે સર્વ માટે સામાન્ય હોય છે. તેણે દિવ્યશક્તિમાં શ્રદ્ધા રાખીને સ્થિરતાથી અને મક્કમતાથી ઈન્કાર કરવાનો છે.'' જ્યારે ચેતના સંપૂર્ણ રીતે ભગવાન સાથે એકરૂપ બનશે - પછી દિવ્ય ચેતનામાં ઈન્કારની જરૂર જ રહેતી નથી.

# માતૃ-સ્તુતિ

નમું કલ્યાણકારિણી સચ્ચિદાનંદરૂપિણી
વિશ્વશાંતિકરી દેવી શિવાને સર્વદા નમું.

દેખી મા પદરેણુની કાન્તિ, નેત્ર ઢળી પડયાં,
તો પછી મુખની કાન્તિ, હશે કેવીક ચિન્મુદા !

બારણે બારણે ઘૂમી વિશ્વમાં નિશિવાસરે,
ગાઈશું મુકત કંઠે મા તારાં ગીત નવાં નવાં.

બળ્યાં ઝળ્યાં ધરિત્રીનાં દેહદેહી મહેશ્વરી
સ્થાપી ત્યાં પગલાં તારાં, શાંતિ શાંતિ કરો શિવા.

પગલે પગલે તારે, ઊપડે પડ હાર્દનાં,
યુગોથી જડતા ઘેર્યાં, મોહાન્ધે નવ જે લહ્યાં.

શ્રાવણી વાદળાં જેવી, મા તારી વરસે કૃપા,
ઘડીમાં કરતી ભીનાં, ઘડીમાં કરતી સૂકા.

❋

તને જે મા ગમ્યું તે મા મને ગમ્યું ગણી લેજે;
અને મા એમ મારું તું જીવન આખું ભરી દેજે.

જગન્માત વંદુ, સ્તવું આર્દ્ર કંઠે,
મને રાખજે ચિન્મયી નિત્ય સંગે,
ત્રિકાલાતીતે એક તું છે શરણ્યા,
મને બુદ્ધિ દે, બુદ્ધિ દે, જ્ઞાનરૂપા.

ઉરે મત્ત ઝામ્યાં દળો મેઘકાળાં,
મથું કાઢવા તેમ વાધે વધારે,
કૃપાળી પ્રજાળી સહુ તે સમૂળાં,
મને નિત્યશુધ્ધા કરી શુદ્ધ તું દે.

તને વર્ણવું કેમ વાણી સ્વયં તું,
તને કેમ દેખું સ્વયં નેત્રકાન્તિ,
તને કેમ સૂણું સ્વયં શ્રોત્રશ્રુતિ,
નમું હું નમું હું, નમું વિશ્વમૂર્તિ.

ઉષાની પ્રભામાં હિરણ્યા સુવર્ણા,
તમિસ્રાન્ધકારે ઘનશ્યામરૂપા,
નિહાળી તને પ્રેમકારુણ્યદાત્રી,
નમું હું, નમું હું, નમું વિશ્વમૂર્તિ.

- અનિરુદ્ધ સ્માર્ત

રચના : ૧૯૪૫

# ભગવતી આરાધના

અધ્યાય - ૫

## સાધનામાં સ્વપ્રયત્ન

(માં - પેજ ૧૦-૧૪)

વિશ્વમાં જે કાંઈ ઘટે, તે હોય પ્રભુ વિધાન,
પણ આવરણે ઢંકાઈ રહે, અહંકાર નામે જાણ.
યોગસાધના પણ પોતે કરે, સાધક બને સાક્ષાત,
સાધના પણ તે જ બને, વળી સાધ્ય પણ એ વિશ્વાસ.
સાધક એ જ સમજે સદા, પોતે પ્રભુનું હથિયાર,
નિમિત્ત બની સાધના કરે, બાકી પ્રભુને એ હાથ.
પ્રભુના ઓજારો ગણ્યાં, જ્યોતિ, શક્તિ ને જ્ઞાન,
આનંદ, શાંતિ ને પ્રસન્નતા, તૃપ્તિ રૂપ પણ જાણ.
આ બધી દૈવી-સંપત્તિઓ, આધાર મહિં ઠલવાય,
જો આધાર ખુલ્લો રહે, સાધના અવિચળ બની જાય.
અશુદ્ધ પ્રકૃતિ ગણી, જે કરે અવરોધો અનેક,
તેથી સ્વ-પ્રયત્નનો, આગ્રહ રહ્યો સવિવેક.
અંગત પ્રયત્ન ત્રિરૂપો ધરે, અભીપ્સા ને પરિત્યાગ,
સમર્પણ ત્રીજું ગણો, આ પ્રભુ મેળવવાની વાટ.
અભીપ્સા સંકલ્પરૂપ ગણી, હૃદયનો પોકાર,
આધારને અભિમુખ કરે, પ્રભુ પ્રત્યે ઉઘાડ.
પ્રાણની તૃષા બની, કરે આર્દ્ર આધાર,
નમનીય શારીરિક બને, દિવ્ય ધરે એ ઘાટ.
આંતર-સ્વરૂપને પોષતું, શ્રદ્ધા દેહ બંધાય,
સતત સજાગ પ્રભુ પ્રતિ, એજ અભીપ્સા કહેવાય.
બીજુ રૂપ પરિત્યાગ ગણે, ત્યાગે મલીન આચાર,
વિચાર સિદ્ધાંતો, માન્યતા, પક્ષપાતોને અભિપ્રાય.
આ સર્વેનો આગ્રહ ત્યજે, કરી મનોઘાટ મૃતપ્રાય,
નિરાસક્ત, નિરાગ્રહી બની, કરે નિરવમન ને પ્રાપ્ત.

પ્રાણમય કામનાને માંગણી, વાસના, ઈન્દ્રિય સંસ્કાર,
આવેશો, સ્વાર્થ ને દ્વેષ કે, કામ, ક્રોધ ઈર્ષા અભિમાન.
આ બધાને ત્યાગવા, કરો પ્રાણ વિશાળ,
સ્થિર, સમર્થ, સમર્પિત વળી, દિવ્ય-શક્તિનો આધાર.
આનંદ પ્રગટે પ્રાણમહિ, નિવારે વિઘ્નો અપાર,
સ્થૂળ પ્રકૃતિની મૂર્ખતા, શંકા, સ્વૈર વિહાર.
દુરાગ્રહ ને ક્ષુદ્રતા, અનિચ્છા આળસ, વિકાર,
આ બધું છોડવું પડે, તો દિવ્ય-શક્તિની વહાર.
જયપ્રદા શક્તિ ગણી, સ્થાપે પ્રસન્ન ઉત્સાહ,
તેના અવતરણે તદા, પરિત્યાગ બને અતિપ્રાપ્ત.
ત્રિજું સમર્પણ ગણ્યું, તેમાં જે પોતાની જાત,
ગુણો, અવગુણો તથા, ક્રિયા, સ્તરોને સાથ લે.
જે અભ્યાસે દૃઢ થતા, પ્રકૃતિનો બને સ્વભાવ,
સમર્પણની પ્રાર્થના બને, આત્મ નિવેદનનો આધાર,
આંતર-વદની સ્તુતિ થતાં, ત્યાં ઘટના બને સાકાર.
મહાશક્તિનો-પ્રપાત થાય, આધારે ઘસમસતો જાય,
સિદ્ધિનો પાયો રચાય, જગમાત સાધના રત થાય.
પ્રકૃતિને મુક્ત કરાય, સાધના-સંચાલન પણ થાય,
પ્રગતિનો વેગ ધરાય, ને સાચી-સાધના કરાય.
પણ જ્યાં લગી સમર્પણ ને, આત્મનિવેદન અધુરું જણાય,
ત્યાં લગી સ્વપ્રયત્નને, રોકવો એ ન ઉચિત ગણાય.
તેથી સ્વપ્રયત્ને રહો, સાધક સદા સાવધ બનો,
અંબા સ્વ-આવાસનો, આ પૂર્ણ-કુંભ સ્થાપન કરો.

**ફેબ્રુઆરી માસનાં મહત્વપૂર્ણ દિન**

૨૧ - શ્રી માતાજીનો જન્મદિન, ૨૮ - ઑરોવિલ સ્થાપના દિન

૨૯ - અતિમનસ અવતરણ દિન

# દર્શન દિન

(પ્રાસંગિક)

- શ્રી હર્ષદભાઈ ઠકરાર

દર્શન દિવસો સાધકે કઈ રીતે પસાર કરવાના હોય તો તે બાબતે શ્રી માતાજી જણાવે છે, ''જે સામાન્ય જ્ઞાન છે તેના કરતા વધુ સત્ય એવા જ્ઞાનની શોધમાં પસાર કરવો,''

દર્શન દિન નિમિત્તે વધુ સત્ય જ્ઞાનની શોધ કરતા પહેલા સાધકે સૌ પ્રથમ પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનું હોય છે. સાધક સ્વયં કઈ ચેતનામાં જીવન વ્યતિત કરે છે ? સામાન્ય માનવની ચેતનામાં, કે પછી દાર્શનિકની ચેતનામાં અથવા સાક્ષાત્કારીની ચેતનામાં જીવન વ્યતિત કરે છે. ત્યારબાદ સ્વયં જે ચેતનામાં જીવન જીવે છે તે ચેતનાથી ઉચ્ચ ચેતનાની શોધ કરી તેમાં પ્રવેશ કરી જીવન જીવવાનું હોય છે.

દાર્શનિકની ચેતના સાથે દર્શન જોડાયેલું છે. દર્શનનો અર્થ શું ? દર્શન એટલે જગતમાં કંઈ પણ આવિર્ભાવ પામી રહ્યું છે તેની પાછળ રહેલ ચેતના સાથે સંપર્ક સાધી તેનો કોઈ પણ જ્ઞાનેન્દ્રિય દ્વારા અનુભવ કરવો અને આનુસંગિક કર્મેન્દ્રિય દ્વારા અભિવ્યક્ત કરવું.

માનવ દર્શનની ક્રિયાને ફક્ત જોવાની ક્રિયા સાથે જોડે છે. પરંતુ ખરેખર તો માનવ કોઈ પણ ક્રિયા કરતો હોય, જેવી કે જોવાની સાંભળવાની, બોલવાની, ચાલવાની સ્પર્શનની વગેરે, તે જ ક્રિયાઓની દાર્શનિકની અનુભૂતિ અને સામાન્ય માનવની અનુભૂતિમાં તફાવત રહેલ છે. જે નીચે મુજબ છે.

| **સામાન્ય માનવની અનુભૂતિ** | **દાર્શનિકની અનુભૂતિ** |
|---|---|
| - સ્વરૂપના અસ્તિત્વની બાહ્યિકતા જુએ છે. | - સ્વરૂપના અસ્તિત્વની પાછળ રહેલ ચેતનાના દર્શન કરે છે. |
| - સામાન્ય માનવ બોલે છે. | - દાર્શનિક મંત્રોનો ઉચ્ચાર કરે છે. |
| - સ્વરૂપ દ્વારા પ્રગટ થતો અવાજ સાંભળે છે. | - સ્વરૂપ દ્વારા પ્રગટ થતા અવાજને ઉત્પન્ન કરનાર ચેતનાનું અંતઃકરણમાં શ્રવણ કરે છે. |

| **સામાન્ય માનવની અનુભૂતિ** | **દાર્શનિકની અનુભૂતિ** |
|---|---|
| - સ્વરૂપના અસ્તિત્વની બાહ્યિકતા જુએ છે. | - સ્વરૂપના અસ્તિત્વની પાછળ રહેલ ચેતનાના દર્શન કરે છે. |
| - સામાન્ય માનવ બોલે છે. | - દાર્શનિક મંત્રોનો ઉચ્ચાર કરે છે. |
| - સ્વરૂપ દ્વારા પ્રગટ થતો અવાજ | |

સામાન્ય માનવ અને દાર્શનિકની અનુભૂતિના તફાવતનું કારણ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયના સંચાલનની પદ્ધતિમાં રહેલો છે.

સામાન્ય માનવ તેની જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું સંચાલન શરીર, પ્રાણ અને મન દ્વારા કરતો હોય છે. દાર્શનિક જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું સંચાલન મનની ઉર્ધ્વમાં રહેલ ચેતનામાંથી પ્રેરણા લઈને કરતો હોય છે. જ્યારે સાક્ષાત્કારી સાધક જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું સંપૂર્ણ સંચાલન તેના ચૈત્ય પુરુષ દ્વારા કરતો હોય છે.

સાધકે સામાન્ય શરીર-પ્રાણ અને મનની ચેતનામાંથી દાર્શનિકની ચેતનામાં પ્રવેશ કરવાનો હોય છે. એટલે કે તેણે પોતાના ઉર્ધ્વ મન, પ્રકાશિત મન અને પ્રેરણાત્મક મન દ્વારા પ્રગતિ સાધી દિવ્ય ચેતનાનો સંપર્ક સાધવાનો હોય છે. સાધકનો દિવ્ય ચેતના સાથે સંપર્ક સધાવાથી તેનો ચૈત્ય પુરુષ આપોઆપ અગ્રભાગે આવે છે. ચૈત્યપુરુષ અગ્રભાગે આવવાથી ચૈત્યપુરુષ સાધકના સ્વરૂપના અસ્તિત્વમાં પરમ ચેતનાને સ્થાપી આપે છે. જે દ્વારા સાધક દિવ્ય ચેતનાના સાક્ષાત્કારને પામી શકે છે.

સામાન્ય ચેતનામાંથી સાક્ષાત્કારીની ચેતનાની ભૂમિકાએ પહોંચવા માટે સાધકે ઉર્ધ્વ ચેતનામાં આરોહણ કરવાનું હોય છે. સાધક જેમ જેમ ઉર્ધ્વ ચેતનામાં આરોહણ કરે છે, તેમ તેમ સાધકની અંદર સ્વયંભુ સચેતનતા અને નમનીયતા પ્રગટ થાય છે. આ સચેનતા અને નમનીયતા સાધકની કુંઠીત પાર્થિવ ચેતનાને તોડી વધુ સત્ય એવી ઉર્ધ્વ ચેતના એટલે કે દિવ્ય ચેતના પ્રત્યે ખુલ્લી કરે છે. જે કારણે પાર્થિવ ચેતના સ્વયં દિવ્ય ચેતનામાં રૂપાંતર પામવા માટે દિવ્ય ચેતનાને ગ્રહણ કરી શકે.

જેમ જેમ સાધકની સચેતનતા વિકાસ પામતી જાય છે, તેમ તેમ સાધકની દિવ્ય ચેતનાને ગ્રહણ કરવાની ક્ષમતા વૃદ્ધિ પામે છે. જેમ જેમ સાધકની ગ્રહણશીલતાની ક્ષમતામાં વૃદ્ધિ થાય છે, તેમ તેમ દિવ્ય ચેતના સાધકના

સ્વરૂપના અસ્તિત્વમાં સ્થાયી સ્વરૂપ ધારણ કરતી જાય છે. જ્યારે સાધક દિવ્ય ચેતનાને પોતાના સ્વરૂપના અસ્તિત્વમાં સંપૂર્ણપણે ધારણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે, ત્યારે તે દિવ્ય ચેતનાનું સાધકના સ્વરૂપના અસ્તિત્વમાં પ્રાગટ્ય થાય છે. દિવ્ય ચેતનાના પ્રાગટયને કારણે સાધક પોતાના સ્વરૂપનું અસ્તિત્વ અને પરમ ચેતના સ્વરૂપ પ્રભુના અસ્તિત્વ વચ્ચે તાદાત્મ્યતા અનુભવે છે, જે સાધકની સાક્ષાત્કારની ભૂમિકા છે.

સાધકના સ્વરૂપના અસ્તિત્વમાં દિવ્ય ચેતનાની હાજરી દર્શનની ઝાંખી છે કે પછી દિવ્ય ચેતનાનો સાક્ષાત્કાર તે સાધકની ગ્રહણશીલતાની ક્ષમતા ઉપર આધાર રાખે છે. દિવ્ય ચેતનાના સાક્ષાત્કારની શરૂઆત તો સૌ પ્રથમ સાધકને દર્શનની ઝાંખી દ્વારા જ થાય છે. પરંતુ જેમ જેમ સાધકની ગ્રહણશીલતાની ક્ષમતામાં વૃદ્ધિ થાય છે તેમ તેમ દર્શનની ઝાંખીના સમય ગાળામાં પણ વધારો થતો જાય છે. જ્યારે સાધકની ગ્રહણશીલતાની ક્ષમતા પૂર્ણતાએ પહોંચે છે ત્યારે દર્શનની ઝાંખી દિવ્યતાના સાક્ષાત્કારમાં રૂપાંતર પામે છે.

દાર્શનિકની અનુભૂતિની શરૂઆત ફક્ત પ્રકાશના એક ઝબકારાથી થાય છે. ધીરે ધીરે સાધકની ગ્રહણશીલતાની ક્ષમતા અનુસાર સાધક સ્વયંના સ્વરૂપ ઉપર પ્રકાશને ચારે બાજુ ફેલાતો અનુભવે છે. ત્યાર બાદ આ પ્રકાશ સાધકના અસ્તિત્વમાં પ્રવેશ કરી એક પછી એક કોષને પ્રકાશિત કરે છે. સાધકની ક્ષમતા જ્યારે પૂર્ણતાએ પહોંચે છે, ત્યારે આ પ્રકાશ સાધકના અસ્તિત્વના કેન્દ્રમાં પ્રવેશ કરી સાધકના વ્યક્તિ સ્વરૂપને દિવ્યતાના અસ્તિત્વ સાથે એકરૂપ કરી આપે છે. પછી સાધકનું વ્યક્તિરૂપ ઓગળી જાય છે. ફક્ત દિવ્ય સ્વરૂપ જ અસ્તિત્વ ધરાવે છે. જે છે સાક્ષાત્કાર.

સાક્ષાત્કારની શરૂઆત દર્શનની ઝાંખી દ્વારા થતી હોય એટલે સ્વાભાવિક પ્રશ્ન થાય કે દાર્શનિક અને સાક્ષાત્કારના સ્વરૂપના અસ્તિત્ત્વમાં શું તફાવત રહેલો છે?

દાર્શનિક પોતાના સ્વરૂપના અસ્તિત્વમાં અને પરમ ચેતનાના અસ્તિત્વમાં ભેદ અનુભવે છે. બન્ને અસ્તિત્વ અલગ છે એમ અનુભવે છે. એટલે કે પોતાના વ્યક્તિ સ્વરૂપ અને પરમ સ્વરૂપની વચ્ચે તાદાત્મ્યતા અનુભવતો નથી. જ્યારે સાક્ષાત્કારી સ્વયંનું અસ્તિત્વ અને પરમ ચેતનાનું સ્વરૂપ અલગ અસ્તિત્વ છે એમ અનુભવતો નથી. પરંતુ બન્ને સ્વરૂપોની વચ્ચે તાદાત્મ્યતા અનુભવે છે.

દાર્શનિક દિવ્ય સ્વરૂપને શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરતો હોય છે. દાર્શનિક ગમે તેટલા પ્રયત્નો કરે છે છતાં પણ દિવ્યતાની પૂર્ણતાને કોઈ પણ સ્વરૂપે અભિવ્યક્ત કરી શકતો નથી. કારણકે દિવ્યતાને કોઈ પણ સ્વરૂપે અભિવ્યક્ત કરવી એટલે તેને સીમિત બનાવવી. દિવ્યતા ક્યારેય પણ સીમીત થઈ શકે નહીં. કારણકે દિવ્યતા અસીમ અને અનંત છે. દિવ્યતાને કોઈપણ સ્વરૂપે અભિવ્યક્ત કરવાની હોતી નથી. પરંતુ તેને અનુભવવાની હોય છે. આ અનુભૂતિ ફક્ત દિવ્યતા સાથે તાદાત્મ્યતા આવે તો જ અનુભવાય. સાક્ષાત્કારી દિવ્યતા સાથે તાદાત્મ્યતા અનુભવતો હોવાથી દિવ્યતામાં પોતાનું અસ્તિત્વ ઓગાળી નાંખે છે.

દિવ્યતા સાથે તાદાત્મ્યતા પ્રાપ્ત કરવા માટે સાધકે શ્રી અરવિંદ અને શ્રી માતાજીના દર્શન કેવી રીતે કરવા ? જે અંગે શ્રી માતાજી જણાવે છે તે મુજબ શ્રી માતાજી અને શ્રી અરવિંદ પાસે સ્થિર, અચંચલ, નિરવ મનની સ્થિતિ પ્રાપ્ત કરીને દર્શન કરવાના હોય છે. આ સ્થિતિ માટે સાધકે પોતે એક વ્યક્તિ સ્વરૂપ છે તેમ વિચારવાનું હોતું નથી. પરંતુ પોતે દિવ્ય સ્વરૂપનું પ્રતિનિધીત્વ કરે છે તેવા વિચારોને એકાગ્ર કરવાના હોય છે. વિચારોની આ એકાગ્રતા દ્વારા સાધકે પોતાની શ્રદ્ધા અને અભીપ્સાને સુગ્રથિત કરવાની હોય છે. શ્રદ્ધા અને અભીપ્સા સુગ્રથિત થવાથી સાધક ઉર્ધ્વ ચેતનાના આરોહણની યાત્રામાં પ્રગતિ સાધી તાદાત્મ્ય પ્રાપ્ત કરે છે.

સાધકે પોતાના સ્વરૂપના અસ્તિત્વ અને દિવ્ય ચેતનાના અસ્તિત્વ વચ્ચે તાદાત્મ્ય સાધવા માટે કરેલી સાધના માટે પસાર કરેલો દિવસ એટલે દર્શન દિવસ. સાધકની જિંદગીનો પ્રત્યેક દર્શન દિન બની રહો એજ શ્રી મા ભગવતીને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ.... શાંતિ....

## પ્રભુ સાથે વાત

સર્વ પ્રકારનું મૌન. સર્વ પ્રવૃત્તિઓનું મૌન, સર્વ ઈચ્છાઓનું મૌન. એ ઈશ્વર સાથેનો સર્વશ્રેષ્ઠ વાર્તાલાપ છે.

**-ભૂપેન્દ્ર ત્રિવેદી**

૧૨.૪.૮૦

# ભવાની મંદિર : એક અધુરૂ સ્વપ્ન (ઉત્તરાર્ધ)

(મધર ઈન્ડિયા નવે.૨૦૦૮ના સૌજન્યથી)

ભાષાંતર - શ્રી પી.એમ. વૈશ્ણવ

જેઓનાં મગજમાં પશ્ચિમના વિચારોનું ભૂત સવાર થઈ ગયું છે. તેઓ શક્તિ મેળવવાના પ્રાચીન સ્રોતો પ્રત્યે શંકાની નજરે જુવે છે. પરંતુ તેઓએ નીચેની પાયાની હકીકતો ધ્યાનમાં લેવી જોઈએ.

**જાપાનનો દાખલો**

(૧) આધુનિક જાપાનમાં જે અદભૂત અને અચાનક શક્તિનો ઊભરો આવ્યો તેનો જોટો ઈતિહાસમાં ક્યાંય મળે તેમ નથી. આવી ઉન્નતિને સમજાવતા જાત જાતના સિદ્ધાંતો આગળ કરવામાં આવ્યા છે. પરંતુ હવે બુદ્ધિશાળી જાપાનના લોકો જ આપણને જણાવે છે કે અહીં બળવાન જાગૃતિ અને અખૂટ શક્તિના સ્રોત ક્યાં હતા. આ સ્રોતો ધર્મમાંથી મળી આવ્યા. તે હતા ઓયોમેઈનાં વેદાન્ત પર આધારિત ઉપદેશો તથા 'શિન્તો' નામના પ્રાચીન ધર્મની પુનઃ સ્થાપનામાંથી આવ્યા. 'શિન્તો'માં મિકડો દેવી મૂર્તિની ઉપાસના થાય છે. તે જાપાનની રાષ્ટ્રીય શક્તિનું પ્રતીક છે. આ શક્તિને લીધે જ નાનકડા ટાપુ પર આવેલાં આ સામ્રાજ્ય પશ્ચિમના જ્ઞાન અને વિજ્ઞાનનાં વિકરાળ શસ્ત્રોને એટલી આસાનીથી અને એટલા અવિરોધ્યપણે ઘુમાવવા શક્તિમાન થયું, જેટલી આસાનીથી અર્જુન ગાંડિવને ઘુમાવતો હતો.

**ભારતને આધ્યાત્મિક નવજન્મની વધારે જરૂર છે.**

(૨) જાપાન કરતાં પણ ભારતને તો ધર્મના સ્રોતોમાંથી પ્રેરણા મેળવવાની જરૂર ઘણી વધારે છે, કેમકે જાપાન પાસે જે શક્તિ હતી તેમાં નવો પ્રાણ સંચાર કરવાની અને શક્તિને પૂર્ણ કરવાની જ જરૂર હતી. આપણે તો જ્યાં શક્તિ નથી ત્યાં તેનું સર્જન કરવાનું છે, આપણે સ્વભાવને બદલી નાખવાનો છે, અને નવાં હૃદયો સાથે નવા જ માણસ બનવાનું છે, એટલે કે ફરીથી જન્મવાનું છે. તેમ કરવા માટે કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયા કે યંત્રસામગ્રી તો હોતી નથી. આપણા આત્મા અને શાશ્વત પ્રભુની આદ્યશક્તિ, કે જે બધાં નવાં સર્જનોનો સ્રોત છે, માત્ર તે બન્ને આંતરના અખૂટ ભંડારોમાંથી જ શક્તિ મળી શકે છે. નવો જન્મ લેવો આપણામાં રહેલ બ્રહ્મ-તત્ત્વને ફરી ચેતનવંતુ કરવું,

અને એ તો આધ્યાત્મિક પ્રક્રિયાથી જ થઈ શકે. શરીર કે બુદ્ધિનો કોઈ પણ પ્રયાસ આ કાર્ય સાધી ન શકે.

આપણા દેશની માનસિકતા માટે ધર્મ એ સ્વાભાવિક માર્ગ છે.

(૩) ભારતમાં થયેલાં બધાં નવજાગરણોએ તેના સૌથી વધુ બળવાન અને ખૂબ વિવિધ પરાક્રમોએ કોઈને કોઈ ઊંડી ધાર્મિક જાગૃતિમાંથી પોતાની શક્તિ પ્રાપ્ત કરી છે. જ્યાં જ્યાં ધાર્મિક જાગૃતિ સંપૂર્ણ અને ભવ્ય હતી, ત્યાં ત્યાં તેણે સર્જેલી રાષ્ટ્રની શક્તિ પણ અતિવિશાળ અને બળવાન હતી. જ્યાં જ્યાં ધાર્મિક આંદોલન સંકુચિત કે અપૂર્ણ હતું, ત્યાં ત્યાં રાષ્ટ્રની ગતિવિધિ પણ ભાંગીતૂટી અપૂર્ણ કામચલાઉ રહી છે. આ પ્રમાણે સતત બનતું રહ્યું છે. એ જ દર્શાવે છે કે આ વસ્તુ આપણી પ્રજાના લોહીમાં રહી છે. જો આ કાર્ય માટે આપણે બીજી પદ્ધતિઓ કે પરદેશની પદ્ધતિ પ્રયોજીએ, તો આપણને કંટાળાજનક રીતે ધીમો, દુખભર્યો અને અધૂરો લાભ થશે, અથવા તો કદિ ધ્યેય સિદ્ધ થશે જ નહિ. તો પછી પ્રભુ અને શ્રી માએ આપણા માટે કંડારી રાખેલા સરળ માર્ગને છોડીને, આપણે પોતે નક્કી કરેલા ઝાંખા અને આડા અવળા માર્ગો શા માટે પસંદ કરવા ?

**આપણી અંદર વસતો આત્મા જ શક્તિનો સાચો સ્રોત છે.**

(૪) આપણી અંદરનું બ્રહ્મ તત્ત્વ, કે જે આધ્યાત્મિક બળનો એક અને વિભાજીત ન થઈ શકે તેવો મહાસાગર છે, તેમાંથી સઘળું જીવન, ભૌતિક અને માનસિક, પ્રગટયું છે. આ સત્યને પશ્ચિમના અગ્રગણ્ય વિચારકો પણ હવે એટલું સ્વીકારતા આવ્યા છે. જો હકીકત આવીજ હોય, તો પછી આધ્યાત્મિક શક્તિ જ આપણી તમામ શક્તિનું મૂળ છે. ત્યાં જ છે અગાધ ઉદ્‌ગમ સ્થાનો અને ઊંડા અને અખૂટ સ્રોતો. સપાટી પરનાં છીછરાં ઝરણાંને આંબવા તો સહેલા છે, પરંતુ તેઓ તુરત જ સૂકાઈ જાય છે. સપાટી પર ખોદવા કરતાં ઊંડું જ શા માટે ન ખોદવું ? તે માટે કરેલા શ્રમનું વળતર તેનું પરિણામ જ આપી દેશે.

આ માટે ત્રણ બાબતોની જરૂર છે.

**૧. ભક્તિ - માતાનું મંદિર**

આપણે શક્તિની દેવીની આરાધના નહિ કરીએ ત્યાં સુધી આપણને શક્તિ મળશે નહિ.

તેથી આપણને આ શુભ્રદેહા ભવાની માટે, શક્તિની જન્મદાત્રી માટે, ભારતની જનેતા માટે એક મંદિર રચીશું. એ મંદિર અર્વાચીન શહેરોનાં મલિન

વાતાવરણથી દૂર, જ્યાં માણસનું પગલું પણ પડ્યું ન હોય એવા કોઈ શાન્તિ અને શક્તિથી સભર તથા ઉન્નત અને પવિત્ર સ્થાનમાં બાંધીશું. એ મંદિરરૂપી કેન્દ્રમાંથી માનીભક્તિનો પ્રવાહ આખાયે દેશ પર ફરી વળશે. પર્વતોમાં આરાધાઈ રહેલી આ દેવી પોતાના ભક્તોનાં ચિત્તમાં અને હૃદયમાં અગ્નિની માફક પ્રવેશ કરશે. શ્રી માએ જ આ વસ્તુની આજ્ઞા કરી છે.

**૨. કર્મ યોગી બ્રહ્મચારીઓનો એક નવો સંઘ**

ભક્તિનું જો કર્મમાં રૂપાન્તર ન થાય તો તે મૃતવત્ અને બિન અસરકારક રહેવાની.

એટલે આપણે એ મંદિર સાથે જોડાયેલા કર્મયોગીઓના એક નવા સંઘનો મઠ ઊભો કરીશું. આ કર્મયોગીઓએ માને ખાતર કાર્ય કરવા માટે પોતાનાં સર્વસ્વનો ત્યાગ કરી દીધો હશે. આમાંથી કેટલાક, તેમની ઈચ્છા હશે તો, પૂરેપૂરા સન્યાસી બની શકશે. અને ઘણા ખરા તો બ્રહ્મચારી જ રહેશે. તેમને સોંપાયેલું કામ પુરૂં થયા પછી તેઓ ગૃહસ્થાશ્રમમાં પાછા ફરશે. પરંતુ આ સૌએ ત્યાગનો સ્વીકાર તો કરવો જ પડશે.

**શા માટે ? તેના બે કારણો છે.**

(૧) કારણ કે, આપણે આપણામાંથી જેટલા પ્રમાણમાં શરીરની કામનાઓ અને રસો, લાલસાઓ અને વાસનાઓ તથા ભૌતિક દુનિયામાં જ રચ્યા પચ્યા રહેવાની પ્રવૃત્તિમાંથી મુક્ત રહી શકીશું, તેટલા પ્રમાણમાં જ આપણે અંદર રહેલા આધ્યાત્મિક શક્તિના મહાસાગર સુધી પહોંચી શકીશું.

(૨) કારણ કે, શક્તિના વિકાસ માટે એક સંપૂર્ણ એવી એકાગ્રતાની જરૂર હોય છે. આપણું ચિત્ત, પોતાનાં લક્ષ્ય તરફ ફેંકાયેલાં ભાલાં માફક પોતાના ધ્યેય અંદર સમગ્ર ભાવે એકાગ્ર થઈ જવું જોઈએ. આપણા ચિત્તને જો બીજી રીતની ચિંતાઓ અને ઝંખનાઓ આડું અવળું ખેંચી જશે તો પછી ફેંકાયેલો ભાલો તેના સીધા માર્ગથી ચલિત થઈ જશે. અને લક્ષ્યને ચૂકી જશે. આપણે ત્યાં માણસોનું એક નાનું એવું પ્રારંભરૂપ જૂથ ઊભું કરવાની જરૂર છે. તેઓમાં આ શક્તિ ઉત્તમોત્તમ વિકાસ પામશે, એમના વ્યક્તિત્વના એક એક ખૂણામાં તે સભર ભરાયેલી બની રહેશે અને ત્યાંથી છલકાઈને પૃથ્વીને ફળદ્રુપ કરવાને માટે બહાર વહી આવશે. આવા મનુષ્યો પોતાનાં હૃદયમાં અને ચિત્તમાં ભવાનીનો અગ્નિ ધારણ કરીને મંદિરમાંથી બહાર પડશે અને આપણા દેશના

એકએક ખૂણામાં એ અગ્નિની જવાળાને પહોંચાડી આપશે.

**જ્ઞાનનો મહાસંદેશ**

ભક્તિ અને કર્મને જ્ઞાનના પાયા પર માંડવામાં ન આવે તો તે સંપૂર્ણ સ્થાયી બની શકતા નથી.

તેથી આ સંઘના બ્રહ્મચારીઓને પોતાના આત્માને જ્ઞાનથી સભર ભરી દેતાં, અને એ જ્ઞાનના ખડક ઉપર પોતાનાં કર્મોનું મંડન કરવાનું શીખવવામાં આવશે. અને એમના જ્ઞાનનો પાયો શો હશે ? એ પાયો મહાન **સોડહમ્** નો હશે, વેદાન્તના એ મહા સમર્થ સૂત્રનો હશે. આ પ્રાચીન દર્શન હજુ રાષ્ટ્રનાં હૃદય સુધી પહોંચ્યું નથી. એ જ્ઞાન જ્યારે ધર્મ અને ભક્તિ દ્વારા જીવંત બની રહે છે ત્યારે માનવને તે સર્વ પ્રકારના ભય અને નિર્બળતામાંથી મુક્ત કરી આપે છે.

**શ્રી મા નો સંદેશ**

મા ને જ્યારે તમે પ્રશ્ન કરો છો કે આ મા ભવાની કોણ છે. ત્યારે એ પોતે જ તમોને જવાબ આપે છે : ‘હું અનંત શક્તિ છું અને જગતમાં રહેલા અને તમારામાં રહેલા શાશ્વત પરમાત્મામાંથી બહાર વહી આવું છું. હું આ વિશ્વની જનેતા છું. બ્રહ્માંડોની માતા છું. અને તમારી આ પવિત્ર પ્રદેશનાં, આર્યભૂમિનાં બાળકોની, એ ભૂમિમાંથી બનેલાં અને તેના સૂર્ય અને પવનથી મોટાં થએલાં બાળકોની હું ભવાની ભારતી છું, ભારતની માતા છું.

અને પછી જો તમે પ્રશ્ન કરશો કે આપણે શા માટે મા ભવાનીનું મંદિર બાંધવું જોઈએ તો એ જવાબ આપશે. ‘એવી મારી આજ્ઞા છે. એ મંદિરમાં તમે ભાવિના ધર્મનું કેન્દ્ર રચી શકશો અને એ રીતે તમે શાશ્વત પરમાત્માનો જગતમાં અત્યારે જે સંકલ્પ છે તેને પૂર્ણ કરવામાં સહાય કરી શકશો. એમાંથી એવું તો પુણ્ય સંચિત કરશો કે જેથી આ જન્મમાં તમે બળવાન બનશો અને આવતા જન્મમાં મહાન બનશો. આ રીતે તમે એક રાષ્ટ્રનું સર્જન કરવામાં સહાય કરશો અને આ રાષ્ટ્ર તે તમારૂં પોતાનું રાષ્ટ્ર હશે, આ યુગ તે તમારો પોતાનો અને તમારાં સંતાનોનો યુગ હશે, આ જગત તે સાગરો અને પર્વતોથી ઘેરાયેલો જમીનનો એક ખંડ નહિ હોય, પરંતુ કરોડો માનવોથી ઊભરાતી સમગ્ર પૃથ્વી હશે.

તો આવો, અને માનો આ પુકાર સાંભળી લો. એ તો આપણા હૃદયમાં ક્યારની બિરાજમાન છે અને પોતાનો આવિર્ભાવ કરવાની અને પૂજા થાય

તેની પ્રતીક્ષા કરતી બેઠી છે. મા સક્રિય નથી, કારણ કે આપણી અંદરના પ્રભુ તમસ દ્વારા ઢંકાઈ ગયેલા છે, શક્તિની અપ્રવૃત્તિથી વ્યથિત બની રહેલા છે. મા નાં બાળકો મદદ કરવા માટે મા ને પુકાર કરતાં નથી, એ કારણે દુખ પામી રહ્યાં છે. તો તમારામાંથી જેને, પોતાની અંદર મા નો સંચાર થતો અનુભવાતો હોય, તેઓ પોતાના પરથી અહમ્‌નો કાળો પડદો ફેંકી દો, આળસની ભીંસતી દિવાલોને ભાંગી નાખો, તમોને જે રીતની પ્રેરણા થાય તે મુજબ મા ને તમારા શરીર વડે અથવા તમારી બુદ્ધિ વડે અથવા તમારી વાણી વડે અથવા તમારી સંપત્તિ વડે કે પછી તમારી પ્રાર્થના અને પૂજા વડે - દરેક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે સહાય કરવા લાગી જાવ. આમાં હવે પાછા ન પડશો, કારણ કે જે લોકોને મા એ સાદ કર્યો હશે અને છતાં જેઓએ એ સાદને ઝીલ્યો નહિ હોય તો તેમના પ્રત્યે મા પોતાનાં આગમનની વેળાએ ક્રોધાયમાન થશે પરંતુ જેમણે તેમના આગમનમાં થોડીક પણ મદદ કરી હશે, તેમના પ્રત્યે શ્રી માનું સ્વરૂપ કેવું તો સુન્દર અને કૃપાળુ બનીને પ્રકાશી રહેશે.

## અભીપ્સાનું કાર્ય

આ વિશ્વના વિશાળ તખ્તા પર કંઈ જગ્યાએ તમારું નામ અને તમારું કાર્ય અંકિત થયેલું છે જે તમારે જાણી લેવું જોઈએ. ઘણી વ્યક્તિઓ જન્મતાં જ આ જાણીને આવતાં હોય છે. તો કેટલીક વ્યક્તિ એ ગતિમાં ગતિમાન થવા ભીતરના અગ્નિને ચેતવતા હોય છે. તો વળી કેટલાકને આ બધી વાતનું જરાપણ ભાન જ હોતું નથી અને સામાન્ય જીવ તરીકે જીવીને આ દુનિયામાંથી ચાલ્યા જતા હોય છે.

આ વિરાટ વિશ્વની પરમચેતનામય શક્તિના પ્રવાહમાં આપણે ખરેખર ભળવું હોય અને તેને પામવી હોય તો પેલા અગ્નિને આપણે જાતે જ ચેતાવવો પડશે. અને તે અગ્નિ છે અભીપ્સા. પરમને પામવાની ઉત્કટ અભીપ્સા વિશ્વના તખ્તા પર એક ચોક્કસ સ્થાન તમારા માટે જરૂર નક્કી કરી શકે તેમ છે, નહિ તો તમારા માટે કોઈ સ્થાન જ નથી.

**- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**

૧૨.૪.૮૦

# બાળવિભાગ

## ધીરજનાં ફળ મીઠાં

(સુંદરકથાઓ - પેજ ૪૨-૫૧)

દાખલા ગણી કંટાળેલા બાળને મમ્મી બોલ્યાં, ‘‘બેટા, જીવનમાં બધું જ આપણી ઈચ્છા મુજબ થતું નથી. નથી ગમતું તે પણ થાય છે. અથવા ઈચ્છા મુજબનું પણ મોડે મોડે થાય છે. આ બન્ને સમયે ધીરજની આપણને ખૂબજ જરૂર પડે છે. તેથી જ કહે છે ને કે ધીરજનાં ફળ મીઠાં.

કોઈ મોટા માણસને તમે મળવા જાઓ. ઘણા મળવા આવેલા હોય છે. તેથી તમારે વાટ જોવી પડે છે. આ શાંતિથી, સ્વસ્થતાથી વાટ જોવી એ જ ધીરજ છે. ધીરજ જ્યારે વ્યવહારમાં લવાય છે ત્યારે તેને કહે છે ખંત. સાંભળ બેટા, જીનિવાનો એક ખલાસી. નામ કોલંબસ. સ્પેનમાં રહે. ઘણો સાહસી. તેણે પશ્ચિમનો વણખેડ્યો સાગર ખેડવાનું સાહસ કર્યું, સ્પેનનાં બંદરેથી નીકળી પડ્યો સફરે.

અઠવાડિયા પસાર થયાં. મહિનો પૂરો થયો પણ કોઈ દેશ જ દેખાય નહિ. ખલાસીઓ કંટાળ્યાં. વિરોધ જાગ્યો. પણ કોલંબસ અડગ. બસ આગળ જવાની ધૂન.

અંતે તેમને એક નાના નાના ટાપુઓની હારમાળા દેખાઈ. આશા જાગી. વહાણ તે તરફ વાળ્યું. ટાપુઓ વટાવ્યાં, એક મોટો ખંડ દેખાયો. કોલંબસ નાચી ઊઠ્યો. તેનું સ્વપ્ન સાકાર થયું. પણ કોલંબસને લાગેલું કે તેણે ભારત જવાનો નવો માર્ગ શોધી કાઢ્યો છે. તેથી ત્યાંના લોકોને નામ આપેલું રેડ ઈન્ડિયન્સ. પણ નીકળ્યો નવો જ ખંડ. તે જ અમેરિકા.

કોલંબસ શા માટે યશસ્વી થયો ? કારણ તેમાં અખૂટ ધીરજ હતી. મુશ્કેલીઓ તેણે ખંતથી ઝીલેલી. ખલાસીઓએ તેની ઉપર વિશ્વાસ રાખેલો.

એવી જ વાત બનાર્ડ પાલિસીની છે. જુના વખતમાં વાસણો ઉપર સુંદર રંગોવાળું એનેમલનું કામ થતું. તે કેવી રીતે કરે છે તે કોઈ જણાતું નહોતું. પાલિસીએ નક્કી કર્યું કે તે તેને શોધી કાઢશે.

તેણે પોતાની થોડીક હતી તે પૂંજી ભઠ્ઠી કરવામાં લગાડી. રોજે રોજ અવનવા પ્રયોગો કરે, નવી રીતે વાસણ બનાવે. નવી રીતે પકવે. પણ વ્યર્થ. યશ મળે જ

નહિં. વર્ષો વીત્યાં પૂંજી વેડફાઈ ગઈ. અડોશી પડોશીઓએ તેને ગાંડો ગણ્યો. પૈસા ખૂટયાં. પ્રયોગો બંધ પડવા લાગ્યાં. ક્યાંક થોડું કમાય કે તરત પ્રયોગો શરૂ કરે, પણ બળતણ ખુટ્યું. તેણે ઘરનું ફર્નિચર ભાંગી ભઠ્ઠી પેટાવી ઘરના લોકોએ ઘર માથે લીધું. પણ પાલિસી જાણે ઠંડો બરફ. ભઠ્ઠી ધગધગી ઊઠી. પ્રયોગ પૂરો થયો. પાલિસીએ ભઠ્ઠી ખોલી તો આંખો ફાટીની ફાટી રહી ગઈ.

ભઠ્ઠીમાં એનેમલ ઝગારા મારી રહ્યું હતું. પાલિસી નાચી ઊઠયો.

તેની પાસેની બધી વસ્તુઓ ખૂટી ગએલી. ન ખૂટેલી ફક્ત ધીરજ અને ખંત.

જ્યાં ખંત ત્યાં ભગવંત. જ્યાં હોય ધીરજ ત્યાં કામ બને સુલભ. જગતમાંની મહાન શોધો ધીરજે આપી છે. ખંતે આપી છે. પાણી સતત એક જ જગ્યાએ ટપકે તો ત્યાં પણ અભેદ પથ્થરમાં ખાડો પડી જાય છે. નાના નાના જંતુઓ પરમાળાના ડુંગર સમુદ્રમાં રચે છે. તમારી નાનકડી શરૂઆત મહાન કાર્ય બની શકે છે.

''બેટા, ધીરજ રાખ. તું કહે છે આ દાખલો નથી આવડતો. લાવ શીખવું. જો આ રીતે દાખલો ગણાય, હવે બીજો દાખલો તું ગણ.''

''મમ્મી, મને દાખલો આવડશે?''

''જરૂર બેટા''

''પ્રોમીસ''

''પ્રોમીસ બેટા. ફક્ત ધીરજ રાખજે.''

પુસ્તક પરિચય : **સુરતમાં શ્રી અરવિંદ.** કિં. ૨૦૦/-

પ્રકાશન : **શ્રી અરવિંદ કેન્દ્ર, સુરત** લેખક : **હિરણમયીબેન સ્માર્ત.**

શ્રી અરવિંદના સુરત આગમનની શતાબ્દી ઉજવણી પ્રસંગે અંગ્રેજીમાં પ્રસિદ્ધ થએલ પુસ્તકનું આ ભાષાંતર છે. કોંગ્રેસના સુરત અધિવેશનની પ્રમાણભૂત વિગતોની પાર્શ્વભૂમિમાં શ્રી અરવિંદનું એક રાષ્ટ્રપ્રેમી મહાયોગી તરીકે નિખરતું વ્યક્તિત્વ વાંચકને પ્રખરતાથી વાંચન દરમિયાન અનુભવાય છે અને તે દર્શાવે છે કે સાચો યોગી જીવન-સંઘર્ષમાંનો ભાગેડુ નથી હોતો પણ હોય છે. પ્રભુનો દિવ્યયોદ્ધા. - તંત્રી

# અતિમનસ સૃષ્ટિ અને તેનો આવિર્ભાવ

## (પ્રાસંગિક)

ફેબ્રુઆરીની ત્રીજી તારીખે (૧૯૫૮) માતાજીને એક અનોખી અનુભૂતિ થઈ. માતાજી સૂક્ષ્મ અને દિવ્ય સૃષ્ટિઓ સાથે સંપર્કમાં હતાં જ, પણ તે સંબંધ આંતરિક અનુભૂતિ સ્વરૂપનો હતો. દરેક માનવ યૌગિક-ચેતનાના વિકાસ દ્વારા આ સંપર્ક કેળવી શકે છે. માનવમાત્રને કુદરતે જે સપ્ત યોગચક્રો આપેલાં છે તે આ સૂક્ષ્મ સપ્તલોકના સૂક્ષ્મ પ્રવેશદ્વારો જ છે. વ્યક્તિગત ચેતના સ્વરૂપ કુંડલિની જે યોગચક્રમાં સ્થિર થાય છે તે ચક્રસાથે સંબંધિત તે લોકની આંતરિક અનુભૂતિ યોગી મેળવી શકે છે.

આવી અનુભૂતિ વ્યક્તિની શ્રદ્ધા અને વિશ્વાસ તથા સમજણ વિકસાવી શકે છે પણ સામૂહિક ઉત્ક્રાંતિ જે ભૌતિક સ્તરે પણ ચાલી રહી છે તેમાં બહુ મદદરૂપ થતી નથી.

શ્રી અરવિંદને અતિમનસને ભૌતિકજગત દ્વારા પ્રગટ કરવું હતું. તેને ભૌતિક વાસ્તવિકતા આપવી હતી. ઉત્ક્રાંતિમાં અત્યાર સુધી આવી પ્રક્રિયા દ્વારા પાર્થિવ ચેતનાનું જગત, પ્રાણમય જગત અને મનોમય જગત પ્રગટ થઈ ચુક્યું છે. આવા સૂક્ષ્મ વાસ્તવિકતાઓને, લોકોને ભૌતિક સ્તરે અવતરણ કરાવી વાસ્તવિક કરવાની પ્રક્રિયાને વેદોમાં વ્યાહૃતિ કહ્યું છે. ગાયત્રીમંત્રની શરૂઆતમાં જે ભૂ, ર્ભૂવ સ્વઃ આ ત્રણ વ્યાહૃતિ લગાડાય છે તે આ ઉપર જણાવેલાં ત્રણ જગતોની ભૌતિક-વાસ્તવિકતા જણાવવા માટે જ.

હવે મનની ઉપરનાં અતિમનસને આ રીતે વાસ્તવિક કરવાનો વારો છે. તે માટે માતાજી જણાવે છે કે તે અતિમનસ જગત અને ભૌતિક જગત વચ્ચેનાં અંતરિયાળ પ્રદેશમાં સૂક્ષ્મ પાર્થિવ રચના કરવી પડશે. શ્રી અરવિંદ આને જ અતિમનસના અવતરણ માટે માર્ગ કંડારવાનું કાર્ય કહે છે. તેમણે તે કાર્ય પુરૂ કર્યાની સાબિતી માતાજીને મળી.

માતાજીને ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ આવુ અતિમનસ જગત સૂક્ષ્મ પાર્થિવ સ્તરે રચાઈ ગયું છે, તેવી અનુભૂતિ આવી. દિવ્ય સૂક્ષ્મ પાર્થિવતત્વ પ્રકાશમય હોય છે. સંકલ્પમાત્રથી તે પોતાના રંગરૂપ બદલી શકે છે. તેમાં અચિત્‌નો ભાગ હોતો નથી તેથી જડતા હોતી નથી. તેથી સૂક્ષ્મ પાર્થિવ સ્તરે દરેક

વ્યક્તિ કે વસ્તુ આંતરપ્રકાશથી પ્રકાશિત લાગે છે અને તેની પોતાની ચેતનાથી પૂર્ણ શાસિત લાગે છે.

શ્રી અરવિંદે સૂક્ષ્મ પાર્થિવમાં અતિમનસ શક્તિનું અવતરણ સિદ્ધ કરાવતાં જ આ શક્તિ દરેક વસ્તુ અને વ્યક્તિનાં સૂક્ષ્મ પાર્થિવ તત્વ ઉપર પ્રભાવ પાડવા લાગી. તેને પોતાને અનુરૂપ ઘડવા લાગી આ બાબતની જ પ્રતીકાત્મક અનુભૂતિ માતાજીને ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૮નાં રોજ આવી.

શ્રી અરવિંદે સૂક્ષ્મ પાર્થિવમાં અતિમનસનું અવતરણ ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ સાંજે સિદ્ધ કરેલું અને તેનો અનુભવ માતાજીને તરત પ્રતીકાત્મક રીતે સુવર્ણમય દ્વારનો સુવર્ણમય હથોડાથી ભાંગવાનાં દર્શનથી થયો હતો. આ અનુભૂતિમાં બંદ સુવર્ણમય દ્વાર એ સ્વતંત્ર અતિમનસ જગતના સાથેનો સંપર્ક બંદ હતો. તેનું પ્રતીક છે, સુવર્ણમય હથોડો સૂક્ષ્મ પાર્થિવ તત્વનું પ્રતીક છે. જેણે અતિમનસ તેજ ને ધારણ કરેલ છે અને માતાજીએ આ હથોડાથી સુવર્ણદ્વાર ભાંગી નાખ્યું તે દિવ્ય પાર્થિવતત્વ દ્વારા સંપન્ન કરેલ કાર્ય દર્શાવે છે. આપને યાદ હશે કે ધરતીમાતાએ માતાજીને સહકાર આપવાનો કૉલ આપેલો એ કૉલ આ રીતે પૂર્ણ કરેલો દેખાય છે. બીજું, પ્રતીકોમાં પણ માતાજી જ શા માટે દેખાયા ? તેનું કારણ એ છે કે માતાજી કાયમી સ્વરૂપે પૃથ્વી સાથે એકરૂપ થઈને જ પ્રાર્થના અને અભીપ્સા કરતાં હતાં. તેથી સૂક્ષ્મ પાર્થિવ તત્વ સાથે એકરૂપ થએલી તેમનાથી વધારે યોગ્ય વ્યક્તિ કોણ હોઈ શકે ?

આવી રીતે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ સૂક્ષ્મ પાર્થિવમાં અતિમનસ શક્તિનાં અવતરણ બાદ જે રૂપાંતરનું કાર્ય વ્યક્તિઓમાં થઈ રહ્યું છે તેની ઝાંખી ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૮ની અનુભૂતિમાં માતાજીને થઈ છે. પણ આ બધી અનુભૂતિઓ સૂક્ષ્મ પાર્થિવ જગતને લગતી છે.

અતિમનસ જગતનું સ્થૂળ ભૌતિક જગત દ્વારા પ્રગટ થવાની શક્યતા બાબત શ્રી અરવિંદે જણાવેલું કે ''અતિમનસ ચેતના ૧૯૬૭માં એક સાક્ષાત્કારક શક્તિનું રૂપ લેશે'' ('અતિમનસ' - શ્રી અરવિં ગ્રંથ માળા પુસ્તક-૩, પેજ ૧૦૦, પ્રકાશક - શ્રી અરવિંદ આશ્રમ)

અતિમનસના કાર્યનો પ્રથમ દાખલો આપણને શ્રી અરવિંદના નિર્વાણ દિને જોવા મળે છે, જ્યારે તેમના શરીરમાંનું અતિમનસ તેજ માતાજીનાં શરીરમાં પ્રવેશવાની ઘટના બની, પણ તે વ્યક્તિગત કાર્ય હતું. વૈશ્વિક સ્તરનું કાર્ય તો ઉપર જણાવેલાં બે દિવસે થયું.

માતાજીએ પોતે જણાવેલ છે કે, ''અતિમનસનું કાર્ય વ્યક્તિગત રીતે તો ૧૯૫૦ ડિસેમ્બરથી ચાલુ થઈ ગયું હતું. ૧૬મી જાન્યુઆરીએ શ્રી અરવિંદ મારી સમક્ષ બે ત્રણ વાર પ્રગટ થયા હતા અને જાણે કે કહી ગયા હતા કે હવે વિશ્વવ્યાપક આવિર્ભાવ આવી રહ્યો છે.'' (પેજ ૧૨૯ ઉપરનાં પુસ્તકમાંજ)

જે સાધકને અતિમનસનો સ્પર્શ થયો હોય તેમાં બે લક્ષણો અચૂક પ્રગટ થાય છે.

(૧) સતત આંતરિક સમતામાં રહેવાની ટેવ. બધું પોતાની મેળે વ્યવસ્થિત ગોઠવાઈ જશે તેની ખાતરી ઉપર આ સમતા આધાર રાખતી હોય છે. અવરોધો ઉપર વિજય મેળવવાનો પૂરો આત્મવિશ્વાસ હોય છે.

(૨) પોતાને જે આંતરિક સમજણ અને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેની અચૂકતા બાબતમાં તેને ખાતરી અને આત્મવિશ્વાસ હોય છે.

શ્રી અરવિંદે ૧૯૬૭માં સૂક્ષ્મ પાર્થિવ સ્તરે અવતરણ પામેલ અતિમનસ શક્તિ ભૌતિક સ્તરે એક સાક્ષાત્કાર કરાવનારી શક્તિનું રૂપ લેશે એમ જણાવેલું તેનું શું થયું ? તેનો જવાબ માતાજીનાં ૨૧ જાન્યુઆરી ૧૯૬૭ની અનુભૂતિમાં મળે છે (સાધનાની નોંધપોથી પેજ ૬૦ થી ૬૩) તેમાં ભૌતિક તત્વનું રૂપાંતર તે અતિમનસ શક્તિ કેવી રીતે કરશે તેની વિગતો મળી આવે છે. અતિમનસ પ્રકાશ શારીરિક કોષોનાં રૂપાંતર દ્વારા શરીરનું રૂપાંતર કરશે. કોષોની પોતાની સૂક્ષ્મપાર્થિવ રચનામાં સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય તત્વોનાં બેલ્ટ અર્થાત કક્ષાઓ હોય છે. જેને શાસ્ત્રો પાર્થિવ કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ કહે છે. તેમાંના વિજ્ઞાનમય કોષમાં અતિમનસ શક્તિ પ્રવેશીને ત્યાં પોતાનું સ્થાન જમાવે છે કારણ તે તેનાંજ તત્વનો બનેલો સજાતીય કોષ છે. ત્યાંથી પોતાના પ્રકાશને અન્ય કક્ષાઓમાં ફેલાવે છે, તેથી દરેક સ્તર પોતાના આગવા આંતરપ્રકાશથી ઝળહળી ઊઠે છે તેમાં તે કોષની ચેતના જે કોષ સુધી વિકાસ પામી હોય તે પ્રકાશ-રંગ વધારે પડતો પ્રગટ થાય છે. દરેક કોષનો વિકાસ અલગ અલગ હોવાથી માતાજી પોતાના શરીરમાં અનંત વિવિધરંગી ટપકાં જોય છે. આ બધા કોષોને અંતે વિકસાવતા વિકસાવતાં વિજ્ઞાનમય કોષ સુધી વિકસાવશું ત્યારે સમગ્ર શરીર અતિમનસ બની જશે.

પણ આ પ્રક્રિયા લાંબો સમય ચાલતી હોવાથી માનવ પછી બે ત્રણ અંતરિયાળ અવસ્થાઓ સર્જાશે અને અંતે અતિમનસ શરીર રચાશે.

માતાજીએ સાધનાની નોંધપોથીમાં દર્શાવેલ છે કે પ્રક્રિયાને વધારે વેગવંતી કરવા કોષોની સાધના કરવી જરૂરી છે. તે માટે પોતાનાં શરીરનાં બધાં જ કોષોને સુવર્ણમય પ્રકાશથી ભરી દેવાની ધ્યાન-પ્રક્રિયા માતાજીએ જણાવેલ છે. સમગ્ર શરીરને આ રીતે શરૂઆતમાં સુવર્ણમય-પ્રકાશથી ભરી દેવા કરતાં શરીરનાં અંતર્ગત એક એક સંસ્થાને (દા.ત. હાડપિંજર, સ્નાયુ સંસ્થા, રક્તાભિષરણ સંસ્થા, પચન સંસ્થા, ઉત્સર્જન સંસ્થા, પ્રજનન સંસ્થાને) ક્રમશઃ લઈને ઉપર મુજબની પ્રક્રિયા કરવા માતાજીએ જણાવેલ છે.

આ સાધના-પદ્ધતિનાં મૂળ આપણને વેદોનાં નીચેના નાનકડા વાક્યમાં મળે છે. 'પૃથવ્યાં આભરેત્'. અહિં પૃથ્વી એટલે આપણું શરીર અને આભરેત્ એટલે પ્રકાશથી ભરી દો શું આપણે માતાજીના સંકેતને અનુસરશું?

**મધુર માતાજી, જન્મદિન આપને મુબારક હો**

માતાજી, અમે જાણીએ છીએ કે આપ અજન્મા છો, સનાતન છો. પણ અમે કેવી રીતે ભૂલીએ કે આપે અમને રાહ બતાડવા જ જન્મ લીધો હતો - જગન્માતા આ સહજ-સત્સંગ દ્વારા અમે બધા જ આપને સ્મરીએ છીએ, આરાધીએ છીએ, આપના કાર્યને સમજવાનો, અનુસરવાનો પ્રયત્ન કરીએ છીએ. મા, આપના આ જન્મદિને આપની પરમકૃપાની વર્ષા વર્ષાવ મા- અનારાધાર વરસો મા!

**અનુભવ કરતા કરતા તમે તમારી મૂળ પ્રકૃતિ અને ચેતનાને ઓળખી શકશો.**

**- ભૂપેન્દ્ર ત્રિવેદી**

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૨

## છાંદોગ્યોપનિષદની સંવર્ગ-વિદ્યા

(૪/૧-૩)

એક રાજા હતો. તે જાનશ્રુતિ નામના પ્રખ્યાત રાજાનો પૌત્ર. તેથી તેને જાનશ્રુતિ પૌત્રાયણ કહેતા. તે મશહૂર દાની હતો. અનેક ધર્મશાળાઓ તેણે બંધાવેલી.

ઉનાળાની રાત્રી હતી. જાનશ્રુતિ પૌત્રાયણ મહેલની અગાશીમાં આરામ કરી રહ્યો હતો. ત્યારે આકાશમાંથી બે હંસ માનસસરોવર તરફ જઈ રહ્યાં હતા. તેમાંના એક હંસનું નામ ભલ્લાક્ષ હતું.

બીજા હંસે ભલ્લાક્ષને ચેતવ્યો, ''ભલ્લાક્ષ, આ નીચે જાનશ્રુતિ પૌત્રાયણનો મહેલ છે તેને ઓળંગતો નહિ. તે પ્રખ્યાત દાની છે. તેના તેજથી ક્યાંક તું બળી મરીશ.''

ભલ્લાક્ષ બોલ્યો, ''શું તે ગાડીવાળા રૈકવથી પણ મહાન છે ? દ્યુત-ક્રિડામાં 'કૃત' પાસામાં એક પાસાના પાંચ મુજબ કુલ દસ ગુણ પાકે છે. તેમાં અન્ય બધા જ ઓછા પાસાના ગુણો આવી જાય છે તેમ રૈકવ જે તત્વને જાણે છે તેમાં અન્ય બધા જ તત્વો સમાઈ જાય છે શું આ પણ તે તત્વને જાણે છે ?

જાનશ્રુતિ પૌત્રાયણે આ સંવાદ સાંભળ્યો. બીજે દિવસે તેણે સેવકોને સયુગ્વા રૈકવને શોધવા રવાના કર્યા.

અંતે રૈકવનો પત્તો મળ્યો. તે બજારમાંના વેપારીઓનાં માલની હેરાફેરી કરી મજુરી કરનાર ગરીબ પ્રામાણિક ગાડાવાળો હતો. તેના આખા શરીરે ખરજવું થએલું હતું. મેલાઘેલા, ફાટેલાં કપડાં, ઉઘાડા પગ, વધેલી દાઢી. બપોરનો સમય હતો. તે પોતાના ગાડાની છાયામાં બેસી મેલા કપડામાં બાંધેલો વાસી રોટલો પાણી સાથે સંતોષથી ખાઈ રહ્યો હતો પણ તેના ચહેરા પર સંતોષ અને આનંદ હતાં.

રાજાને ખબર મોકલાયા. રાજા પાંચસો ગાયો, રથ અને પુષ્પાંજલિ સાથે રૈકવને મળવા આવ્યો. તેણે તેના ચરણે પુષ્પાંજલિ અર્પી. પાંચસો ગાયો અને રથ ભેટ તરીકે આપ્યા. તેમની વિદ્યા આપવા જણાવ્યું.

''આનું હું શું કરું રાજન્. મારે આ નકામા છે. આપ પાછા લઈ જાઓ. હું

વિદ્યા વેચતો નથી.

રાજા બીજી વખતે એક હજાર ગાયો, રથ, પોતાની ઉમર લાયક કન્યા અને પુષ્પાંજલિ સાથે આવી ફરી તેમ જ કર્યું. રાજાનો નમ્ર ભાવ અને વિદ્યા મેળવવાની તીવ્રતા જોઈ ગાડાવાળો રૈકવ ઉપદેશ આપવા તૈયાર થયો.

રાજન્, સર્વ સમાવેશ બે તત્ત્વો છે, તેવા તત્ત્વને જ સંવર્ગ કહેવાય છે. બહારના જગતમાં વાયુ સંવર્ગ છે. અંદરના જગતમાં પ્રાણ છે. પૃથ્વી, જળ, અગ્નિ અને તેના ધારક સ્વરૂપો બધા વાયૂમાંજ વિલીન થઈ જતાં હોય છે. ભૌતિક શરીરો વસ્તુઓ, મકાનો, ખેતરો પૃથ્વી - તત્ત્વના ધારક છે. બધા કૂવા, જળાશયો, નદી, નાળા, સમુદ્ર જળનાં ધારક છે. સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો, વીજળી, દીવો તેજનાં અગ્નિનાં ધારક છે. પૃથ્વી, જળમાં, જળ અગ્નિમાં અને અગ્નિ વાયુમાં વિલીન થઈ જાય છે. કારણ તેઓ તેમના ઉલટા કર્મે જ નિર્માણ થએલાં છે અર્થાત વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ, જળમાંથી પૃથ્વી નિર્માણ થઈ છે.

આમ બાહ્ય જગતનો સંવર્ગ વાયુ છે. આંતર-જગતમાં ઈન્દ્રીયો મનમાં, મન બુદ્ધિમાં, બુદ્ધિ ચિત્તમાં અને ચિત્ત પ્રાણમાં વિલીન થાય છે પ્રાણ સક્રિય-ચેતનાનું સ્વરૂપ છે. વિલીનિકરણના જ અવળા ક્રમે તેઓ નિર્માણ થયાં છે પ્રાણમાંથી ચિત્ત, ચિત્તમાંથી બુદ્ધિ, બુદ્ધિમાંથી ઈન્દ્રિયો નિર્માણ થઈ છે.

આમ આંતર - જગતનો સંવર્ગ પ્રાણ છે અને પ્રાણ પોતે વાયુનો જ પ્રકાર છે. વાયુ અને પ્રાણ એકરૂપ છે સારાંશ સમગ્ર જગતનું મૂળ તત્ત્વ પ્રાણ છે. પ્રાણના આંદોલનોમાંથી જ આંતર-બાહ્ય જગત નિર્માણ થયું છે. પ્રાણ બ્રહ્મતત્ત્વનું સક્રિય સ્વરૂપ છે. તેથી તે અંતે બ્રહ્મ-સંવર્ગમાં વિલીન થશે. આમ અખિલ-બ્રહ્માંડનું અંતિમ મૂળ તત્ત્વ બ્રહ્મ જ છે. આમ બ્રહ્મ જગતનો સંબંધ સ્પષ્ટ કરનાર આ સંવર્ગ - વિદ્યા છે.

સર્વ ચેતન અચેતન પ્રત્યે બ્રહ્મભાવ ધારણ કરવો એ સંવર્ગ-વિદ્યાની ફળશ્રુતિ છે. આ માટે એક આખ્યાયિકા છે જે સંવર્ગ-વિદ્યાનું આ અંતિમ રહસ્ય પ્રગટ કરે છે.

એક વખત કપિ ગોત્રનો વંશજ શૌનક અને તેનો મિત્ર કક્ષસેન પુત્ર અભિપ્રભારી શૌનકના ઘેર ઓશરીમાં જમી રહ્યાં હતાં. બન્ને સંવર્ગ-વિદ્યાનાં જાણકાર હતાં. ત્યાં ડેલીએ એક બ્રહ્મચારી બટુક આવ્યો અને ભિક્ષા માંગી. બન્ને મિત્રોને વિચાર આવ્યો લાવ આ બ્રહ્મચારી સાચો છે કે નહિ તેની પરીક્ષા

લઈએ. તેથી હેતુ પૂર્વક બોલ્યા.

''અમે ભિક્ષા આપતા નથી.''

બ્રહ્મચારી બોલ્યો, '' તમારું કલ્યાણ થાઓ પણ તમે આશ્રમમાં ભણ્યાં તે નિરર્થક છે. જે વ્યક્તિ અનેક મનુષ્યરૂપોમાં પ્રગટ થતા એક બ્રહ્મતત્ત્વરૂપી સંવર્ગ-તત્ત્વને જાણતા નથી, તેમનો બ્રહ્મચર્યાશ્રમ નિષ્ફળ ગયો. અન્નથી અંતે તો તેને જ સંતોષ થાય છે જે તમારા અને મારામાં સમાન રીતે રહેલ છે.''

બ્રહ્મચારીનો જવાબ સાંભળી શૌનક અને તેના મિત્રને ખાતરી થઈ કે આ સાચો બ્રહ્મચારી છે. સંવર્ગ-વિદ્યાનો જાણકાર છે તેને ભિક્ષા આપવી યોગ્ય છે. તેણે પોતાના ચાકરને ભિક્ષા દેવા કહ્યું અને શૌનક બોલ્યો, ''હિરણ્યગર્ભ જ સંવર્ગ તત્ત્વ છે. તેનું બધા જ ભક્ષ્ય છે. તે મહિમાવાન છે અને બધાનો ઉત્પત્તિકર્તા છે. બ્રહ્મચારી તમે પરીક્ષામાં ઉત્તિર્ણ થયાં આપ કૃપા કરીને ભિક્ષા લો.''

બ્રહ્મતત્વનાં ગર્ભમાં રહેલ અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ જાગૃત થઈ સળવળે છે ત્યારે તેમાંથી પ્રખર સુવર્ણમય તેજ પ્રગટ થાય છે. આવા આવિર્ભાવ માટે સક્રિય બનેલાં બ્રહ્મતત્વને જ હિરણ્ય ગર્ભ કહે છે. સમગ્ર સંસાર તેમાંથી જ નિર્માણ થયો છે અને તેમાં જ વિલીન થઈ જાય છે. તેથી સમગ્ર સંસાર હિરણ્યગર્ભનું ભક્ષ્ય છે એમ કહ્યું છે.

સંવર્ગ-વિદ્યા એટલે જગતનું મૂળતત્વ નિશ્ચિત કરવાની વિદ્યા.

વેદોમાં બ્રહ્મ તત્ત્વને જાણવાની બે પદ્ધતિ છે. અન્વય અને વ્યતિરેક પદ્ધતિ આમને જ અસ્તિ અને નાસ્તિ પદ્ધતિ અથવા ઈતિ અને નેતિ પદ્ધતિ પણ કહે છે. એક inclusion - method છે. બીજી elimination - method છે.

સંવર્ગ - વિદ્યા આ અસ્તિ પદ્ધતિનો પ્રકાર છે.

## અમૃતનું સંતાન

મા, મને દિવ્ય જગતની નવીન રચનાના કાર્યમાં મારી પૂર્ણ શક્તિ ખર્ચાતી રહે. તારા આ સંકલ્પમાં મને એવાં કાર્યો કરવા ગમશે. કારણ કે મા, તમારું હું એક અમૃત સંતાન છું. એવી એક માત્ર ભાવનાથી હું કંઈક કરી છૂટવા મથીશ. મને એ માટે યોગ્ય બનાવો. મને આપની પાસે સમર્પણ કરવાની શક્તિ અને સમજણ આપો. આ મારી અભીપ્સા છે.

૧૭.૧૨.૮૦ - શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

# અરવિંદોપનિષદ

પ્રકરણ - ૧૦

**કાલાતીત ચેતના**

**ત્રિકાલાતીત : ।**

**તે ત્રણે કાળથી પર છે. અર્થાત અકાળ છે.**

ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આ ત્રણ કાળ છે. પણ આ ભેદ આપણે પાડેલાં છે. કારણ આપણી ચેતના સંકુચિત થઈ ગઈ છે. તેથી તે એક વખતે એક જ કાળમાં રહી શકે છે. જે કાળમા તે હોય છે તેને તે વર્તમાનકાળ કહે છે. જે કાળમાં પહેલા હતી તેને ભૂતકાળ અને જેમાં હશે તેને ભવિષ્યકાળ કહે છે. ખરેખર કાળ ખંડિત કે વિભાજીત નથી. જેમ કેમેરાના લેન્સની મર્યાદા હોય છે. જેવસ્તુ તેના કેન્દ્રમાં હોય તેને તે મુખ્ય વસ્તુ ગણે છે. જે કેન્દ્રમાં નથી તેને પાર્શ્વભૂમિ ગણે છે. પણ વાસ્તવિક જગતમાં મુખ્ય વસ્તુ અને તેની પાર્શ્વભૂમિ એવો કોઈ ભેદ જ નથી. સારાંશ કાળભેદ એ વ્યક્તિ સાપેક્ષ છે તે વાસ્તવિક નથી. પુરૂષોત્તમ - ચેતનામાં તો બધુ પુરૂષોત્તમ સ્વરૂપ જ છે. તેથી ત્યાં તેમની ગેરહાજરી ક્યાંય નથી. તે બધે હાજર જ છે તેથી તે એક કાળમાં મર્યાદિત થતી નથી. તે બધા જ કાળમાં છે અને જ્યાં કાળની ગતિ થંભી જાય છે ત્યાં પણ તે છે જ.

જ્યાં મન હોય ત્યાં કાળ હોય છે. મન જો ગાઢ નિદ્રામાં પોઢેલું હોય તો ત્યાં કાળ રહેતો જ નથી. જ્યાં મન ચંચળ કે ઉદ્‌વિગ્ન હોય ત્યાં કાળ ધીમે ધીમે ચાલે છે જ્યાં આનંદ હોય ત્યાં ઝડપથી પસાર થઈ જાય છે કારણ ત્યાં કાળનું ભાન હોતું જ નથી. સારાંશ મન નિર્વિકલ્પ થઈ જાય, નિરવ થઈ જાય ત્યાં કાળ પણ થંભી જાય છે. પણ ત્યાં પુરૂષોત્તમ ચેતના તો હોય જ છે તેથી તે કાળથી અતીત પણ છે. પુરૂષોત્તમ ચેતના કાળમાં પણ છે અને કાળની બહાર પણ છે. તેને કાળનું બંધન નથી જ્યાં ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ એવા ભેદો નથી તેવા કાળને સનાતનકાળ કહેવાય છે અથવા અકાળ કહેવામાં આવે છે અથવા મહાકાળ કહેવામાં આવે છે.

કાળ મનોમય ક્ષેત્રમાંની ઘટના છે તેથી મનના ક્ષેત્રની બહાર કાળ નથી. પણ પુરૂષોત્તમ ચેતના તો મનસાતીત છે. તે અતિમનસ ચેતના છે તેથી તે કાલાતીત છે એમ કહેવું પડશે.

# પત્રોત્તર

## પુનર્જન્મ

પ્રકરણ - ૩

(યોગ વિષે પત્રો ભા.૧, પેજ ૪૯૭-૫૦૬)

ઘણી વખત પુનર્જન્મ હોતો નથી. પણ સૂક્ષ્મજગતની વિશિષ્ટ ઘટનાને કારણે ભૌતિક સ્તરે પુનર્જન્મનો આભાસ નિર્માણ થાય છે. અચાનક જીવનમાંથી અકસ્માતને કારણે, નૈસર્ગિક આપત્તિ કે યુદ્ધમાંના અપમૃત્યુને કારણે જીવનમાંથી બહાર ફેંકાઈ જવાથી તીવ્ર વાસનાઓ અતૃપ્ત જ રહે છે ત્યારે આવા જીવો સૂક્ષ્મપાર્થિવ સ્તરે કે નિમ્ન પ્રાણમય લોકમાં એવી તાકમાં બેઠા હોય છે કે કોઈ નબળામનના જીવંત વ્યક્તિની ચેતના ઉપર કબજો મેળવી તેની શારીરિક કે પ્રાણમય ચેતના સાથે પોતાને જોડીને તે દ્વારા પોતાની વાસના સંતોષી શકાય. વ્યવહારમાં આને ‘વળગાડ’ કહે છે. પણ ઘણે ભાગે આવા ‘વળગાડ’ હોવા છતાં તે પ્રગટ હોતા નથી. વ્યક્તિનું વર્તન અસંતુલિત લાગે છે એટલું જ.

બીજું, ઘણી વખત ઉર્ધ્વલોકના સારા સત્વો પણ વ્યક્તિની ચેતનાના વિકાસ માટે શુભ હેતુથી પોતાની ચેતનાને જોડી તેને વિકાસ તરફ પ્રેરતા હોય છે. આ પણ તત્વતઃ ‘વળગાડ’ સ્વરૂપ હોવા છતાં આવા કિસ્સામાં તે વ્યક્તિ સાધનામાં એકાગ્ર કે ખૂબજ આદર્શવાદી લાગે છે એટલું જ.

વ્યક્તિઓની અનંત પ્રકારની વિવિધતા શા માટે નિર્માણ થાય છે. તેવા પ્રશ્નનો જવાબ શ્રી અરવિંદ આપી રહ્યાં છે. પ્રશ્ન એ છે કે બધા જ ઈલેક્ટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોન્સ સરખા જ ગુણધર્મો ધરાવે છે. તેવા જડ ભૌતિક પરમાણુઓથી અણુ બને છે. તાર્કિક રીતે આવા પરમાણુઓની સંખ્યામાં વધઘટ થતાં જે અણુ બને છે તે અલગ ગુણધર્મ ધરાવતો ક્ષાર, ખનિજ કે રસાયણનો અણુ બની જાય છે. આમ શા માટે થાય છે ? અને આ જ પ્રક્રિયા માનવોની વિવિધતા સ્વરૂપે વધતી જ જાય છે. આનો ખુલાસો શું ? સારાંશ વ્યક્તિત્વની ભિન્નતા અથવા પ્રકૃતિભિન્નતાનો ખુલાસો ભૌતિક તત્વની કક્ષાએ શું હોવો જોઈએ ?

શ્રી અરવિંદ જણાવે છે કે અણુ એ ફક્ત ભૌતિક કક્ષાના જ અણુ નથી. તેની પ્રાણમય, મનોમય તેમજ ચૈતસિક કક્ષાઓ પણ છે. ત્યાં ભિન્નતા નથી એ અસત્ય છે. ત્યાં અનંત વિવિધતા છે. કદાચ પરમાણુઓની સંખ્યાની વિવિધતા તેમને

પ્રગટ થવા યોગ્ય માધ્યમ પુરૂ પાડતા હશે. જેથી તે પ્રગટ થઈ શકે. જેમ જેમ પરમાણુમાંનાં પ્રાણમય કોષો, મનોમય કોષો કે વિજ્ઞાનમય કોષો સક્રિય બનતા જશે તેમ તેમ વ્યક્તિત્વનો પણ અનુરૂપ વિકાસ થશે અને વિવિધ ક્ષમતાઓ અને ગુણધર્મો પ્રગટ કરે એ સ્વાભાવિક છે.

આજે અણુઓનું આ પાસુ ગૂઢ લાગે છે. ભવિષ્યમાં તેને વૈજ્ઞાનિક અભિગમથી સ્પષ્ટ કરવામાં જ આવશે. પણ આજના તબક્કે આપણે ગૂઢ પરંપરાને અનુસરીને કહી શકીએ કે એવા ઉર્ધ્વ-લોકના સત્વો છે જે આજના તબક્કે ભૌતિક-શરીર ધારણ કરી શકતા નથી પણ ભવિષ્યમાં તેઓ ભૌતિક-સ્તરે દેહ ધારણ કરીને પ્રગટ થશે.

પુનર્જન્મ એટલે કાંઈ ગત જન્મનું પુનરાવર્તન જ હોતું નથી. પણ ગત જન્મના વિકાસ પછી નવો વિકાસ સાધવા માટેની તે વ્યવસ્થા હોય છે. તેથી એક જ જીવ પુનર્જન્મ લે તો કદાચ ગત જન્મની તેની છાંટ કે સ્વભાવ વિશેષ દેખાય પણ આ જન્મની તેની ક્ષમતાઓ ગત જન્મથી તદ્દન ભિન્ન હોય છે અને ગતજન્મની સિદ્ધિઓ પણ પ્રગટ હોય જ છે એવું પણ નથી. વર્જીલ ફરી મહાકાવ્ય લખવા જન્મવાનો નથી. કારણ મહાકાવ્યની પ્રથા જ નષ્ટ પામી છે. હા, કદાચ તે નાના નાના કાવ્યો લખે. વ્યક્તિની વિશિષ્ટતા એ તેના બાહ્ય સ્વરૂપનો ભાગ હોય છે. તે ગતજન્મના દેહવિલય પ્રસંગે ત્યાગેલું હોય છે. આ વખતનું બાહ્ય સ્વરૂપ તદ્દન નવું અને અલગ પ્રકારનું હોય છે. પુનર્જન્મ કેન્દ્રસ્થ ચૈત્યપુરૂષનો હોય છે નહિ કે તેના પ્રાણમય, મનોમય કે શારીરિક કોષોનો. પુનર્જન્મમાં ભિન્ન કારકીર્દ, ભિન્ન સંસ્કૃતિ, ધર્મ, સમાજ અને વંશ હોય છે અને આ બધા તેની ખાસ વ્યક્તિતાને પોષણ આપતા હોય છે.

નવા જન્મમાં વ્યક્તિના અવગુણો જ નહિ પણ સદ્‌ગુણોને પણ લઈ જવામાં આવે છે. પરંતુ તેનો આવિર્ભાવ તદ્દન જુદી રીતે કરવામાં આવે છે. ગત જન્મની જેમ નહિ.

ઘણાની ગેરસમજ છે કે બધા જન્મમાં અવચેતનનું પણ સાતત્ય રહે છે. આ એક મોટી ગેરસમજ છે. અવચેતન એ મનો-શારીરિક ઘટના છે અને મૃત્યુકાળે તે ઘટકો તો ત્યાગવામાં જ આવે છે. તેથી તેમના સાતત્યનો કોઈ સવાલ જ આવતો નથી. વારસા દ્વારા તે સાતત્ય જળવાતું જ નથી. વંશ અને વારસો પણ બદલાઈ જાય છે. ફક્ત આધ્યાત્મિક રીતે ચૈત્યપુરૂષ ફરતે વિકસેલું મનસ અને પ્રાણમય તત્વ જ ઘણી વખત ચૈત્યપુરૂષની દિવ્ય-પ્રકૃતિના ઘટક તરીકે પુનર્જન્મમાં

આવે છે.

ઉચ્ચતર ભૂમિકાનાં સત્વો પોતે જ પોતાને માટે મન, પ્રાણ રચી ભૌતિક સ્તરે જન્મ લઈ શકે છે અથવા કોઈ વિકસીત સાધકની ચેતના સાથે પોતાને જોડીને પણ પોતાનું કાર્ય તેની દ્વારા ભૌતિક જગતમાં પાર પાડે છે.

લોકોમાં ઐતિહાસિક મહાપુરૂષોના પુનર્જન્મની અનેક ખરીખોટી અફવાઓ ફેલાતી હોય છે તેમાં કલ્પનાની રમત જ વધારે પ્રમાણમાં દેખાય છે. વાસ્તવિકતા બહુજ ઓછી હોય છે.

પુનર્જન્મમાં નવીન શરીર ધારણ કરવાની પ્રક્રિયા બહુ જ સંકુલ સ્વરૂપની હોય છે. ભૂતકાળના જન્મમાંની બધી જ વ્યક્તિઓની વ્યક્તિતાઓનું મિશ્રણ થએલી એવી વ્યક્તિતાઓ ગત જન્મના સંસ્કાર તરીકે મળેલી હોય છે. તેમાંથી આ જન્મે કઈ વ્યક્તિતાઓ સક્રિય બનશે તે કહેવું પણ મુશ્કેલ છે. વાસ્તવિક રીતે આપણે માટે તો જે વ્યક્તિતાઓ સક્રિય બની આ જન્મે વિકાસની પ્રક્રિયામાં ભાગ લે છે તે જ મહત્વની છે.

વારંવાર ભૂતકાળનાં મહાપુરૂષોના દર્શન કે આભાસ થવા એ આપણા ગત જન્મના તેમની સાથેના સંબંધો જ સૂચવે છે એમ કહી ન શકાય. આ જન્મે તે પુરૂષો બાબતના વાંચને જીવન ઉપર પ્રભાવ પાડેલો હોય તો પણ તેવા પ્રભાવનું જાગરણ આવા દર્શનની ઘટના નિર્માણ કરતી હોય છે. જવલ્લે જ સાચા અર્થમાં કોઈ ભૂતકાળની વિભૂતિઓ સાચા સંપર્કમાં આવતી દેખાય છે.

આપણા ભૂતકાળના સંસ્મરણો આ જન્મનાં વિકાસમાં કેટલા મદદરૂપ બને છે એ મહત્વનું છે. ઘણી વખત તે ચાવીરૂપ પણ સાબિત થાય છે.

પુનર્જન્મનું જ્ઞાન મળી શકે છે પણ તે માટે તદ્દન પૂર્વગ્રહથી મુક્ત પ્રકાશમય, પ્રજ્ઞાશક્તિથી યુક્ત, સંવેદનશીલ અને ગ્રહણશીલ પ્રકૃતિની અવસ્થા નિર્માણ કરવી પડે છે તો જ સાચું અને વાસ્તવિક જ્ઞાન મળી શકે છે.

માધ્યમો દ્વારા કે સ્વયં લેખન દ્વારા મૃતાત્માને બોલાવવા એ ખતરનાક ખેલ છે. તેમાં લગભગ પ્રાણમયસત્વો આપણી પ્રકૃતિ સાથે પોતાને જોડી દેવા જરૂરી એવી ગ્રહણશીલતા નિર્માણ કરવા પોતાને આમંત્રિત આત્મા બનાવી આપણા મનને અનુરૂપ જવાબો આપી પોતાનું કાર્ય સાધતા હોય છે.

માધ્યમોના પ્લોટોપ્લાઝમમાંથી રચાતી ભૂખરારંગની અપાર્થિવ છાયાઓ એ ઘણી વખત માધ્યમના અવચેતનનાં ખેલ હોય છે અથવા કોઈ પ્રાણમય સત્વે લીધેલ રૂપો હોય છે. તેથી પ્રેતવાહન વિદ્યાના 'માર્ગદર્શકો'નું માર્ગદર્શન ગેરરસ્તે

દોરી જનારું બની જાય છે.

લોકો જેને ભૂત કે પ્રેતાત્મા કહે છે તેમાં અનેકવિધ ઘટનાઓનો સમાવેશ કરેલો હોય છે. દા.ત.

(૧) મૃતાત્માની ત્યજાએલી પ્રાણમય કે મનોમય રચના કોઈ જગ્યામાં વારંવાર હરતીફરતી દેખાય અથવા અમુક ભૂતકાળની ઘટનાનું પુનરાવર્તન કરતી દેખાય.

(૨) નિમ્ન પ્રાણમય સત્વ મૃતાત્માના ત્યજાએલા પ્રાણમય ઘટકોનો ઉપયોગ કરીને પ્રગટ થવા પ્રયત્ન કરે.

(૩) જીવંત વ્યક્તિના સૂક્ષ્મ પાર્થિવ તત્વનો અને પ્રાણમય તત્વનો ઉપયોગ કરીને મૃતાત્માનું સ્વરૂપ નિર્માણ કરતાં નિમ્ન પ્રાણમય જગતનાં તત્વો.

(૪) માણસના પોતાના મનની જ ભ્રમણાઓ

(૫) જીવંત માણસનો કબજો લઈ મૃતાત્માનું ઢોંગ રચતા નિમ્ન પ્રાણમય જગતનાં સત્વો (વિશેષતઃ પિતૃઓ બાબત)

(૬) મૃત્યુ સમયેની વ્યક્તિએ તીવ્રતાથી પ્રક્ષેપિત કરેલાં વિચાર-આકારો જે અન્ય વ્યક્તિઓ સામે પ્રગટ થઈ કોઈ સંદેશ આપે છે તેવી ઘટનાઓ.

સૂક્ષ્મ પાર્થિવ સ્તરે મૃતાત્માઓ ત્રણેક વર્ષ રહે છે. આ સ્તર પૃથ્વિને લગતમાંજ છે. તેથી તેમનો સંપર્ક કરી શકાય છે. આ એક વાસ્તવિકતા છે. તેમજ તે પછી પણ મૃતાત્મા પ્રાણમય લોકમાં અને મનોમય લોકમાં રહેતો હોય છે. એ પણ વાસ્તવિકતા છે. આ બધાને 'ભૂત' કોટિનાં ગણવામાં આવે છે.

આવી વ્યક્તિઓ માટે સાધકે નીચેની ભૂમિકા રાખવી જોઈએ. તેને પાછા બોલાવવાની, સંપર્ક સાધવાની આસક્તિ છોડી દેવી જોઈએ. જે વસ્તુ બની ગએલી છે તેને એક નિયત થએલી વસ્તુ ગણી તે આત્માની જન્મ જન્માંતરની પ્રગતિ માટેની ઉત્તમ વસ્તુ છે તે શાંતિથી સ્વીકારવું જોઈએ. આધ્યાત્મિક સાધક માટે મૃત્યુએ પરદેશગમન જેવી સહજ વસ્તુ છે તે સર્વનાશ નથી પણ અવસ્થાંતર છે. તે વિદાય જરૂર છે અને તે મૃતાત્મા અને આપણા બન્ને માટે હિતકારી જ છે. તેના મંગલમય પરિણામો હજી પ્રગટ થયાં નથી એ જ પ્રશ્ન છે. તે સમય માંગી લે છે.

ચાલો મૃત્યુને બે જીવન વચ્ચેની રીસેસની જેમ માણીએ. (પૂર્ણ)

# વૈદિકસૂક્તો

(પ્રકરણ - ૩)

પુરૂષ સુક્ત (ચાલુ)

**બ્રાહ્મણો અસ્ય મુખમાસીત બાહુ રાજન્યઃ કૃતઃ ।**

**ઊરુતદસ્ય યદ્ વૈશ્યઃ પદ્ભ્યાં શૂદ્રો અજાયત ॥**

તેનો જવાબ એવો છે કે તેના પહેલા પાસાનું લક્ષણ જ્ઞાનસ્વરૂપ છે (બ્રાહ્મણો અસ્ય મુખમ્ આસીત) બીજા પાસાનું લક્ષણ તેજસ્વીતા છે (બાહૂ રાજન્યઃ વૃતઃ) તેના ત્રીજા પાસાનું લક્ષણ વિશાલતારૂપ સમૃદ્ધિ છે (ઉરુ તદસ્ય યદ્વૈશ્યઃ) અને ચોથા નિમ્ન પાસાનું લક્ષણ નમનીયતા (આજ્ઞાધારકતા) છે (પદ્ભ્યાં શૂદ્રો અજાયત્) અર્થાંત ઉત્તમપુરૂષ, જ્ઞાનમય, તેજોમય, અસીમ અને મૃદુ છે.

**ચન્દ્રમા મનસો જાતઃ ચક્ષોઃ સૂર્યો અજાયત ।**

**શ્રોતાત્ વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાત્ અગ્નિઃ અજાયત ॥**

બીજી કલ્પના એવી છે કે આ ઉત્તમપુરૂષના મનમાંથી જાણે ચંદ્ર જન્મ્યો છે (ચન્દ્રમા મનસો જાતઃ) તેના આંખમાંથી સૂર્ય નિર્માણ થયો છે (ચક્ષો સૂર્યો અજાયત્) તેના કાનમાંથી પ્રાણ તથા અન્ય વાયૂ નિર્માણ થયાં (શ્રોત્રાત્ વાયુશ્ચ પ્રાણઃ) અને તેના મુખમાંથી અગ્નિ પ્રકટ થયો (મુખાત્ અગ્નિઃ અજાયત્) અર્થાંત ઉત્તમપુરૂષને ધારણ કરનાર સ્થૂલ શરીરમાં ચંદ્ર જેવું શીતલ અને સંતોષી મન રહે છે. તેની આંખોમાં સૂર્યની તેજસ્વીતા છે. તેના કાનમાં શીઘ્રગામી વાયુ જેવી સંવેદનશીલતા છે (તે અન્યલોકના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંવેદનો પણ જાણી શકે છે) અને તેનાં મુખમાંથી અગ્નિજેવી સત્ય શુદ્ધ અને ઓજસ્વી અનુભૂતિ જન્ય વાણી ઝરે છે.

**નાભ્યા આસીત્ અંતરિક્ષં શીર્ષ્ણોઃ ધોઃ સમવર્તત ।**

**પદ્ભ્યાં ભૂમિર્દિશઃ શ્રૌત્રાત્ તથા લોકાંન્ અકલ્પયન્ ॥**

તેની ગંભીર નાભી આકાશ જેવું અતલ ઊંડાણ ધરાવે છે તેનું મસ્તક દ્યુલોક જેવું તેજ ધરાવે છે (નાભ્યાદા સિદન્તરિક્ષમ્ શીર્ષ્ણો દ્યૌ સમવર્તત) તેના પગ પૃથ્વી જેવા અચલ છે (પદ્ભ્યામ્ ભૂમિઃ) તેના કાન સર્વ દિશાની જેમ ઉઘાડા છે અર્થાંત પૂર્વગ્રહ વગરનાં છે (દિશાઃ શ્રોત્રાત્) આ રીતે લોકોએ કલ્પના કરેલ છે (લોકાં અકલ્પન્)

અર્થાંત ઉત્તમપુરૂષ અર્થાંત પુરૂષોત્તમની ચેતનાને શરીરમાં ધારણ કરવાથી

પ્રાણ ગહન ગંભીરતા ધારણ કરે છે. મસ્તકમાંથી દિવ્યપ્રકાશ ઉભરાતો અનુભવાય છે. તેનું શરીર દિવ્યપ્રકાશને સ્થિરતાથી ધારણ કરી શકે છે તે બહૂશ્રૃત અને દિવ્યજ્ઞાનનો અધિકારી બને છે.

**યત્પુરુષેણ હવિષા દેવા યજ્ઞમ્ અન્તવત ।**

**વ્યસ્ન્તો અસ્યાસીદાજ્યં ગ્રીષ્મ ઈધ્મઃ શરદઃ હવિઃ ॥**

વૈશ્વિક દિવ્ય-શક્તિઓએ (દેવાઃ) જ્યારે આવા ઉત્તમપુરૂષ સાથે રહીને (યત્પુરૂષેણ) રૂપાંતરની પ્રક્રિયા સ્વરૂપ યજ્ઞ આરંભ્યો (યજ્ઞમતન્વત્) ત્યારે જાણે વસંતઋતુ આ યજ્ઞ માટે ઘી બની ગઈ (વસંતો અસ્યાસીદાજયમ્) ગ્રીષ્મઃ ઈદમઃ) અને શરદ-ઋતુ હર્વિદ્રવ્ય બની ગયું (શરદ્ હવિઃ) અર્થાત આ પ્રભુની પળ (Hour of God) હોવાથી સર્વ કાળ પણ રૂપાંતરના યજ્ઞમાં અનુરૂપ બની ગયો.

**સપ્તાસ્યન્ પરિધયઃ ત્રિ-સપ્ત સમિધા કૃતાઃ ।**

**દેવા યદ્ યજ્ઞં તન્વાના અબધ્નન્ પુરૂષ પશૂમ્ ॥**

વૈશ્વિક દૈવી-શક્તિઓએ (દેવા) જે (યદ્) યજ્ઞ શરૂ કર્યો (યજ્ઞં તન્વાનાં) તેમાં અહંકારરૂપી પશુને (પુરૂષં પશુન્) બલી ચડાવવા માટે બાંધી રાખવામાં આવ્યો (અબધ્નન્) શરીરરૂપી આ યજ્ઞની વેદીને સપ્તધાતુ રૂપી સાત કાંગરા છે (સપ્તસ્યાસન્ પરિધયઃ) તેમજ તે યજ્ઞમાં ૨૧ (૩ x ૭ = ૨૧) સમિધાઓ વાપરવામાં આવે છે ત્રિઃ સપ્ત સમધિઃ કૃતાઃ) અર્થાત પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રીય, પાંચ મહાભૂતો અને મન મળીને કુલ ૨૧ તત્વોનું રૂપાંતર કરવામાં આવે છે.

**યજ્ઞેન યજ્ઞં અયજંત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમ અન્યસન્ ।**

**તેહનાકં મહિમા નઃ સચંત યત્ર પૂર્વે સાધ્યાઃ સંતિ દેવાઃ ॥**

વૈશ્વિક શક્તિઓએ (દેવાઃ) આ રૂપાંતરકારી પ્રક્રિયારૂપી યજ્ઞથી (યજ્ઞેન) તપરૂપી યજ્ઞ (યજ્ઞમ્) શરૂ કર્યો (અયજન્ત) જેથી ઉપર જણાવેલાં તે ૨૧ - તત્વો પોતાના પહેલાના જ મૂળભૂત શુદ્ધ ગુણધર્મોને પ્રાપ્ત કરે (તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્) અને તેથી તેઓ (તેહ)સ્વર્ગીય સુખ આપનાર (નાકં) વિશાળતાને (મહિમાનઃ) પ્રાપ્ત કરે છે (સચંત) આવી વિશાળતા ધારણ કરવાને લીધે તે સાધક દૈવી શક્તિઓનો સંકલ્પાનુસાર ઉપયોગ કરી શકે છે (સાધ્યાઃ સંતિ દેવાઃ) અર્થાત વૈશ્વિક દૈવી શક્તિઓના તેઓ સંપર્કમાં આવી પોતાની સાધનામાં ઉપયોગ કરે છે (ક્રમશઃ)

# સહજ - સત્સંગ

માતાજીનાં તા.૧૪.૪.૧૯૨૯ની ચર્ચાના આધારે)

''માતાજી, પશ્ચિમના લોકોને યોગસાધનામાં વધારે અવરોધો આવે છે. જ્યારે પૂર્વનાં લોકોને ઓછા એ મંતવ્યમાં તથ્ય કેટલું?

બેટા, એવું કાંઈ નથી. યોગસાધના પોતાની પ્રકૃતિને અનુકૂળ છે કે પ્રતિકૂળ એ મહત્વનો મુદ્દો છે. અંગત કારણોસર કરેલી સાધનામાં જોખમો વધે છે એ સત્ય છે, જ્યારે પ્રભુ માટે જ યોગ એ હેતુ હોય તો યોગ-સાધનામાં પૂરેપૂરી સલામતી છે.

ખાસ શક્તિઓ અને સિદ્ધિઓ માટે કરેલી સાધનામાં, મહત્વાકાંક્ષા પૂરી કરવા માટે કરેલી સાધનામાં જોખમો ઘણાં જ હોય છે એ નિશ્ચિત છે. મહત્વાકાંક્ષા પૂરી કરવા સાધના કરતાં જ નહિ. સાધના તમારા માટે અગ્નિ-પરીક્ષા પુરવાર થશે.

યોગસાધનાની બે ભૂમિકાઓ છે. એક છે વાંદરાનો માર્ગ, બીજો બિલાડીનો માર્ગ. એકને તપસ્યાનો માર્ગ કહે છે બીજાને આત્મસમર્પણનો માર્ગ. તપસ્યાના માર્ગમાં પોતાના પ્રયત્નો ઉપર જ આધાર રાખવાનો હોય છે. જો પતનની ખાઈમાં ગબડી પડ્યાં તો વિરલા જ બહાર નીકળી શકે છે. સમર્પણનાં માર્ગમાં પૂરેપૂરી સલામતી છે.કારણ યોગી પ્રભુકૃપા ઉપર જ આધાર રાખે છે. વાંદરાનું બચ્ચું પોતે સ્વપ્રયત્નથી માતાનાં પેટે વળગી રહે છે. હાત છુટ્યાં તો સર્વનાશ નિશ્ચિત. તેથી તેને તપસ્યાનો માર્ગ કહે છે. બિલાડીનું બચ્ચું પોતે ફક્ત મ્યાઉં મ્યાઉં..... કરીને માતાનું સ્મરણ કરે છે. માતા પોતે જ તેને મોઢેથી ઉંચકે છે અને તેની સલામતીનું ધ્યાન રાખે છે. તે સમર્પણનો માર્ગ છે.

પશ્ચિમના લોકોને સ્વતંત્ર વિચાર કરવાની ટેવ હોવાથી અને સમર્પણને ગુલામી માનતા હોવાથી શરૂઆતમાં સમર્પણના માર્ગે સાધના કરવી મુશ્કેલ જાય છે.

અપ્રમાણિકતા અને છેતરપિંડીથી વ્યવહારમાં કદાચ ફાયદો થાય પણ યોગસાધનામાં તો નરી નુકસાની અને મુશ્કેલીઓ જ આવે છે.

અપ્રમાણિકતા આ સાધનામાંનું પ્રથમ જોખમ છે તો કામવાસના બીજું. યોગસાધનામાં આવી નબળાઈઓ ધીમે ધીમે મનની સપાટી ઉપર પ્રગટ થાય છે. તે વખતે તેને ટાળવાની વૃત્તિ ન રાખતાં સામી છાતીએ વિજય મેળવતાં શિખવું પડશે. માનસિક સંયમને સ્થાને પ્રભુનો દિવ્ય સંયમ ત્યાં સક્રિય કરવો પડે છે. દૈવી-સંયમ સ્થિર થાય નહિ ત્યાં સુધી તમારી આંતરિક સચ્ચાઈને સમર્પણ જ તમને મદદ કરશે.

અસંગતા જ આમાં મદદરૂપ થાય છે. વિકારો દબાવવાથી વધારે જોર કરે છે. બધી વાસનાઓ બાહ્ય જગતમાંથી આવેલી વિદેશી વસ્તુઓ છે એવો ભાવ આ અસંગતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.

ખુલ્લાપણાથી ભાગવત શક્તિનું તમારામાં અવતરણ થતાં જ ઉપર મુજબની વિકારો અને નબળાઈઓ પ્રત્યેની અસંગતા તમને ઘણી વિપત્તિઓથી બચાવી લેશે. ભગવાનનો ઉપયોગ કરી વિકારોમાં રચ્યા પચ્યા રહેવાનું ટાળવું જરૂરી છે. મલિન સત્વો આવી વસ્તુઓનો તત્કાળ ફાયદો લઈ તમને હાથા બનાવી દે છે.

આપણા સ્વરૂપમાં એકતા હોતી નથી. તેથી આપણું સમર્પણ પણ સર્વાંગી હોતું નથી. તેથી સમર્પણ કરવાથી બધી વિપદાઓ ટળી જશે એમ માનવું ભૂલભરેલું છે. લોક સંપર્કને કારણે પણ શંકાશીલતા, નિરૂત્સાહ, દ્વિધા, આળસના ચેપ સાધકને લાગતા જ હોય છે. થોડી પણ બેસાવધતા સાધનાની મહિનાઓની કમાણી વેડફવા પૂરતી છે. દિવ્ય-જીવન જીવવા લોક-સંપર્કમાં ખૂબજ સાવધ રહેવું જરૂરી છે.

તો માતાજી, આપણા સ્વરૂપમાં એકતા અને એકસૂરતા લાવવી કેવી રીતે જેથી સમર્પણ વધારે પ્રભાવી બને?

બેટા, તે માટે પોતાની સંકલ્પ-શક્તિને સતેજ કરવી જરૂરી છે. તે તમારી તપઃશક્તિ છે. તમારા સ્વરૂપમાંના વિસંવાદી તત્વો તોફાની બાળક જેવા છે. તેમને ધીરજથી સમજાવી તેમની ભૂલ તેમના ધ્યાનમાં લાવવી પડશે. પણ ચૈત્યપુરૂષ જાગૃત થતા આ કામ ઉપાડી લે છે. કારણ તે આપણા સ્વરૂપનાં પ્રથમ આંતરપડને પોતાના પ્રભાવ નીચે લાવે છે. પછી બાહ્યપડને. બાહ્યપડ વધારે તમોગ્રસ્ત હોય છે. અંતે બન્ને એક સરખા પ્રકાશિત થઈ ચૈત્યપુરૂષના પ્રભાવ નીચે આવી જાય છે. અંતે મહત્વાકાંક્ષા નષ્ટ થાય છે. પણ તે લાંબા કાળ સુધી છૂપાયેલી રહી શકે છે.

સિદ્ધિઓનું પ્રદર્શન કરવાની ભૂલ સાધકે કરવી ન જોઈએ. તેથી સાધક યોગભ્રષ્ટ થઈ જાય છે.

માતાજી એક યોગીની વાત કહે છે. તેણે શિષ્યોની વિનંતી અને આગ્રહ વશ થઈને ડાયનિંગ ટેબલ ખસેડી લેવા છતાં તે ઉપરની વસ્તુઓ ફક્ત ચાદર ઉપર અવકાશમાં યથાવત્ રહી તેનો પ્રયોગ કરી બતાડ્યો. તેને લાગ્યું આમ કરવાથી શિષ્યોને પ્રભુ ઉપર વધારે શ્રદ્ધા બેસશે. તેને તેવો પ્રભુનો આદેશ લાગ્યો. પણ પછી જ્યારે તેની મહત્વાકાંક્ષાના તેને પોતાની અંદર જ દર્શન થતાં જ ત્યાંથી નાઠો અને જિંદગીભર કોઈ શિષ્ય જ કર્યો નહિં.

માતાજી, પ્રભુ જ આપણી પાસે કામ કરાવે છે અથવા તેની ઈચ્છા તેવી છે એ કેવી રીતે જાણવું?

બેટા, તે માટે અંદરની નિરવતામાં પ્રવેશી ત્યાં તેના ઝીણા, પ્રશાંત સાદને સાંભળવાની ક્ષમતા વિકસાવવી પડે છે. તે સાદ વિરૂદ્ધનું વર્તન તમારામાં અચૂક બેચેની સર્જે છે. આ બેચેનીને સાચા અર્થમાં સમજતા શીખો. તે માટે ખોટા તબિયત કે થાકના કારણો ન આપો. બીજું તમે હાથમાં ઉપાડેલું કામ તમે શાંતિથી, ઉશ્કેરાટ વગર પૂર્ણ સમર્પિત ભાવે કરો છો કે નહિં તે પણ ચકાસતા રહેજો. જો મુશ્કેલીમાં પણ ઉશ્કેરાટ કે ગભરામણ કે ડર ન લાગે, પ્રભુના સંરક્ષણની આંતરિક શાંત સ્વસ્થ, ખાતરી મળે તો તે પ્રભુનું કાર્ય છે એમ સમજજો અને તેને પૂરેપૂરી પ્રભુનિષ્ઠાથી પાર પાડજો. પ્રસંગ આવે શાંતિથી તે કાર્ય છોડી દેવાની પણ તૈયારી રાખજો. યોગીએ વસ્તુનો આગ્રહ કે તેના ત્યાગનો આગ્રહ બન્નેનો ત્યાગ કરવાનો છે. પ્રભુ ઈચ્છાથી સંયોગ - વિયોગ થાય છે એ જ સત્ય છે. ભગવાન તરફથી આવતી વસ્તુઓમાં મુક્તિ, આરામ, શાંતિ જ હોય છે.

માતાજી, ઘણી વખત પ્રભુ સાધકને જોઈતી વસ્તુ આપતો જ નથી. તેનું કારણ શું.?

બેટા, તે વ્યક્તિને ખરેખર પોતાને શું જોઈએ છે તે જ ખબર પડતી હોતી નથી. એક દાખલો આપુ. એક સાધકની સાધનામાં તેના ક્રૂર પિતા અવરોધો નાખતા હતા. તેણે પ્રભુને તે અવરોધ નિવારવાની પ્રાર્થના કરી. પિતા માંદા પડ્યાં અવરોધો શમી ગયાં. પેલાએ પ્રભુને પિતાને સાજા કરવાની પ્રાર્થના કરી. પિતા સાજા થયા. વધારે ઉગ્રતાથી સાધનામાં અવરોધો નાખવા માંડ્યા.

પ્રભુ સાધકની ઈચ્છા પુરી કરે છે પણ સાધક તે સમજી શકતો નથી. કારણ તેનું સ્વરૂપ હજી અશુદ્ધ હોય છે. ભક્તિના આવેશમાં કુદાકુદ કરવી, રડવું, હસવું, આ પ્રાણમય શરીરની નબળાઈને કારણે થાય છે. પ્રભુની હાજરી તો શાંત, સ્થિર પ્રસન્ન હોય છે. નિમ્ન પ્રાણ તેને ઉપર મુજબ પ્રગટ કરે છે. બાહ્ય સ્વરૂપ પણ, શરીર પણ, શુદ્ધ અને સમતામાં, પ્રશાંતિમાં સ્થિર હશે. તો ભાવ-સૃષ્ટિ અંદર પ્રચંડ રીતે પ્રગટ થવા છતાં સાધક સમુદ્રની જેમ માઝા નહિ મૂકે. ભાગવત્ - ચેતનાનું દબાણ સહેવા ભૌતિક સ્વરૂપ પણ શુદ્ધ રાખવું પડે છે. તે માટે આપણા શારીરિક, પ્રાણમય, મનોમય તત્વને વિશાલ કરતાં કરતાં વિશ્વરૂપ બનાવવાં પડે છે.

પૂર્વ અને પશ્ચિમની સાધનાનું આંતરિક સ્વરૂપ તો સરખું જ હોય છે. બાહ્ય સ્વરૂપમાં તફાવત છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન Next Future
જાન્યુ.૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

## પ્રભુનું સંરક્ષણ

(મામેકં શરણં વ્રજ - ગીતા)

મહાભારતનાં શાંતિપર્વમાં શરસૈયા ઉપર સુતેલા ભીષ્મ પિતામહ રાજા યુધિષ્ઠિરને રાજધર્મ સમજાવે છે, ''રાજન્ જો રાજા પ્રજાનાં જાનમાલનું સંરક્ષણ ન કરે તો બળવાન લોકો તરફથી નબળા લોકોના જાનમાલની સુરક્ષિતતા નહિ રહે.''

આજે પણ આ સત્ય જ છે. આપણા દ્વારા ચુંટાએલા રાજાઓની સભાએ આ રાજ-ધર્મ પાળવો જરૂરી છે, જો તેઓ પ્રજાને આપેલા આશ્વાસનો પૂરા ન કરે, દેશની પ્રગતિ ન કરે અથવા પ્રજાને સંરક્ષણ ન આપે તો તેઓ ઉથલી પડશે. અર્થાત આમાં પ્રજાનો સહકાર પણ જરૂરી છે જ.

આ જ વાત આપણી આંતરિક વ્યવસ્થાની પણ છે. શું આપણે પેલા આંતરિક રાજાને પ્રગતિ કરવા સહકાર આપીએ છીએ ? તે રાજાને શરણે જઈ તેની સૂચનાનુસાર વર્તીએ છીએ ? તેના રાજ્યની પ્રજાને સાચુ સંરક્ષણ આપીએ છીએ ? જો કરતા હોઈએ તો તેના પરિણામ બાહ્ય-વિપત્તિઓમાં પણ મળશે. કારણ તે પ્રભુનું સંરક્ષણ પૂરૂ પાડે છે.

ગતવર્ષનાં આંતકવાદી હુમલાથી આપણે મુંજાઈ ગયા છીએ. પણ દરેક ઘટનાનો કોઈ ઊંડો હેતુ પણ હોય છે જ. આ હુમલાએ આપણી શ્રદ્ધાને જગાડી છે કે પ્રભુનું સંરક્ષણ જ સાચુ છે. આ શ્રદ્ધાનો નાશ કરવાનો જ આ અંધકારના તત્વોનો આ ઘટનામાં ઈરાદો હતો.

નૂતનવર્ષમાં નવી પ્રગતિની આશા છે. આપણે પ્રભુના સંરક્ષણ માટે પેલા અંદરના રાજાને શરણે જવું પડશે. કહેવું પડશે ''તારી ઈચ્છા મુજબ થાઓ'' અને તે મુજબ જીવવું પડશે. આંતકવાદી હુમલાનો આ જ દિવ્ય હેતુ હતો.

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૬

## દિવ્યાનુભૂતિઓ

A consciousness..... can not hear.

(Savitri - B-1. C-3, P 28-29)

અશ્વપતિની આત્મદૃષ્ટિની સાધના હવે ખરેખરો રંગ દર્શાવી રહી હતી. સત્-ચિત્ - આનંદ સ્વરૂપ ચેતના પોતાનો મૂળ સ્વભાવ પ્રગટ કરવા લાગી હતી. પરમ-ચેતના જયારે નિષ્ક્રિય અને સ્વલિન અવસ્થામાં હોય છે ત્યારે તે સત્-ચિત્-આનંદ સ્વરૂપ ભાસે છે. પણ જ્યારે તે સક્રિય બને છે, સ્વલિનતા છોડી પોતાના જ ચેતનાના વિસ્તારનું દર્શન કરવા માંડે છે ત્યારે તે સત્યમ્-શિવમ્-સુંદરમ્ સ્વરૂપે ભાસે છે. પરમ ચેતનાનું સત્ પાસુ જ દૃશ્ય તરીકે સત્ય બને છે. ચિત્ પાસુ શિવસ્વરૂપ અર્થાત પવિત્રતાનો ભાવ રચે છે અને આનંદપાસુ સૌંદર્ય બની પ્રગટ થાય છે.

અત્યારે અશ્વપતિને પોતાને જ આનંદ સ્વરૂપ પાસાનું અને તેના સક્રિય પાસા સ્વરૂપ સૌંદર્યનો અનુભવ આવી રહ્યો છે. આનંદ જ જયારે વસ્તુઓમાં સુંદરતા સ્વરૂપે પ્રગટ થાય છે. જ્યારે જોનારામાં રહેલ આનંદ સક્રિય બને છે, ત્યારે સામેની વસ્તુમાં સૌંદર્ય દેખાય છે. અશ્વપતિને આ પરમ-ચેતનાએ સ્પર્શ કરતાં જ તેમાં રહેલ આનંદ તત્વે ઉછાળો મારેલ છે અને તેથી અશ્વપતિને ઠેરઠેર સુંદરતાનું દર્શન થવા લાગ્યું છે.

પરમ - ચેતના અશ્વપતિને પોતાના એક થી એક ગૂઢ રહસ્યો અને સ્વરૂપો છતી કરી રહી છે. મા જેમ બાળકને પોતાનો ખજાનો બાળક સામે મુકતી જાય એમ જગન્માતા પોતાના સ્વરૂપોનાં ગહન રહસ્યો અશ્વપતિને જાણે ક્રમશઃ સમજાવી રહ્યાં છે.

આનંદ અને તેના સક્રિય સ્વરૂપ સૌંદર્યનું જ્ઞાન અને પરિચય આપ્યા બાદ જગન્માતા તેને પોતાન ચિત્ અને તેના સક્રિય સ્વરૂપ પવિત્રતાનું જ્ઞાન આપી રહ્યાં છે જગતમાં જ્ઞાન જેવી અન્ય કોઈ પવિત્ર વસ્તુ નથી. 'નહિજ્ઞાનેન સદૃશં પવિત્રં ઈહ વિદ્યતે'. જગન્માતા અશ્વપતિને હવે જ્ઞાનનું રહસ્ય સમજાવી રહ્યાં છે.

આપણે જેને જ્ઞાન કહીએ છીએ તે ખરેખર જ્ઞાન જ નથી. પણ મલીન અને અશુદ્ધ જ્ઞાનનો પ્રકાર છે. પરમ-ચેતના અખંડ છે. અવિભાજ્ય છે તેમાં અલગતા

નથી. તેથી ભેદ અને અલગતા એ અજ્ઞાનનાં પ્રકાર છે. મલિનતા જ્યારે જ્ઞાનમાં પ્રવેશે છે ત્યારે તે જ્ઞાન સો ટચનું સોનું ન રહેતા મિશ્રિત અને અશુદ્ધ સોનું બની જાય છે. આપણે જેને જ્ઞાન કહીએ છીએ તે આવું મલિન, દુષિત જ્ઞાન હોય છે. તેમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન આ ત્રિપુટીનો ભેદ પ્રવેશી ગએલો હોય છે. જ્ઞાતા એટલે જ્ઞાન મેળવનાર. જ્ઞેય એટલે જેનું જ્ઞાન મેળવવાનું છે તે વસ્તુ અને જ્ઞાન એટલે આ જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે થતી પ્રક્રિયા. આમ આ ત્રણેનો ભેદ આપણા દરેક જ્ઞાનમાં હોવાથી તેને શુદ્ધ જ્ઞાન કહી જ શકાતું નથી. તે મલિનજ્ઞાન છે વિમળજ્ઞાન જેને ઉપનિષદો વિજ્ઞાન કહે છે તે નથી. વિજ્ઞાન એટલે વિમલંજ્ઞાનમ્. તેથી શાસ્ત્રો માનવી જ્ઞાનને અપૂર્ણ અને અયથાર્થ ગણે છે. તે વ્યવહાર માટે યોગ્ય હશે. પણ સમજણ માટે નહિ. જેમ સૂર્ય ઊગે છે, આથમે છે એવું જ્ઞાન વ્યવહાર માટે ઉપયોગી ગણાશે પણ સાચી ભૌગોલિક સમજણ તે નથી. સૂર્ય ઊગતો નથી અને આથમતો નથી. તે સદા પ્રકાશિત જ હોય છે. એ જ વાસ્તવિક સત્ય છે. તે પ્રમાણે આપણું માનવીય જ્ઞાન વ્યાવહારિક રીતે સત્ય માનવામાં વાંધો નથી પણ તે શુદ્ધ, વિમલ જ્ઞાન તો નથી જ.

વિમલ જ્ઞાનમાં તો જ્ઞાતા, જ્ઞેય, અને જ્ઞાન એકરૂપ થઈ જાય છે. ત્યાં પરમ - ચેતના જ જાણે છે. પોતાને જ જાણે છે અને તે પોતે જ જ્ઞાન સ્વરૂપ છે જ્ઞાતા જ જ્ઞેય બની જાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે જ્ઞાન જ્ઞેય સ્વરૂપ જ બની જાય છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે

A consciousness of beauty and of bliss,
A knowledge which became what it perceived.

અશ્વપતિને આ વર્ણન પોતાના અનુભવમાં ઉતરતું લાગે છે. જ્યાં જ્યાં તેની નજર ઠરે છે, ત્યાં ત્યાં તેને પોતાનો જ આત્મા વિલસતો અનુભવાય છે. આત્મદૃષ્ટિ વસ્તુમાત્રને આત્મસ્વરૂપ બનાવી દે છે તે તો પારસમણિ છે. આને કારણે અશ્વપતિને જન્મથી જે જુદાઈથી જોવાની ટેવ હતી. તે ધીમે ધીમે ભાંગતી જાય છે. તેની ઈન્દ્રિયો અને હૃદયના ભાવો પણ એ આ અલગતાની ભૂમિકા છોડીને આત્મભાવની દૃષ્ટિ અપનાવતા જાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે અશ્વપતિની આત્મદૃષ્ટિ

Replaced the seperated sense and heart,

અશ્વપતિને પોતાની ઈન્દ્રિયો અને ભાવજગતમાં થતો મૂળગામી તફાવત આંખે વળગે એ રીતે થતો જણાય છે.

અશ્વપતિને સમગ્ર સૃષ્ટિ જ પોતાનાં જ અવનવા રૂપો માત્ર છે. એવો અનુભવ આવી રહ્યો છે. તેને સમગ્ર જગત સાથે માનવીય આત્મિયભાવ અથવા પ્રેમ જ અનુભવાતો નથી પણ સાચો આત્મિયભાવ, સાચી એકરૂપતા અનુભવાય છે. અશ્વપતિને લાગે છે જાણે સમગ્ર જગતના અનંતરૂપો દ્વારા તે પોતે જ જીવી રહ્યો છે શ્વસી રહ્યો છે. પોતે જ આનંદ માણી રહ્યો છે. પોતે જ સમગ્ર જગતનો ઈશ છે અને આ સમગ્ર જગત...

'ઈશાવાસ્યમિદં સર્વમ્.....'

આ એવી એકતા છે જેમાં વિવિધતા વિરોધી નથી. એકતા અને વિવિધતા એ વિરોધી ભાવો નથી. વિવિધતા તો એકતાનું ઐશ્વર્ય છે. તેની શોભા છે. 'શ્રી' છે. અશ્વપતિ 'સર્વં ખલુ ઈદં બ્રહ્મની અનુભૂતિમાં સરી પડ્યો છે. શ્રી અરવિંદ વર્ણવે છે કે સમગ્ર સૃષ્ટિને જાણે અશ્વપતિ પોતાનાં આલિંગનમાં લઈ રહ્યો હતો. શ્રી અરવિંદ લખે છે કે

And drew all Nature into its ambrace.

મનનો ભેદ પાડવાનો સ્વભાવ જતો રહેવાથી તેની દૃષ્ટિ વધારે સૂક્ષ્મ બની, અને સૂક્ષ્મ-જગતો તેને દેખાવા માંડ્યા. શ્રી અરવિંદ લખે છે કે

The mind leaned out to meet the hidden worlds.

આ દિવ્ય-નજારાથી અશ્વપતિને એવું લાગ્યું જાણે સમગ્ર વાતાવરણમાં એક હવા બંધાઈ ગઈ છે એક તેજોમય વાતાવરણમાં વિવિધ જગતોનાં દૃષ્યો સર્જાઈ રહ્યાં છે. એ તેજોમય વાતાવરણ અદ્‌ભૂત લાગતું હતું. સમગ્ર વાતાવરણમાં તેજોમય ગૂંચળા દેખાઈ રહ્યાં હતાં. તેવા ગૂંચળાના ઝુમખાઓ અને ઝુમખાઓ વાતાવરણમાં તરી રહ્યાં હતાં. તે ખરેખર તો કોઈ ગુપ્ત - જગતનો પ્રગટ થએલો અલ્પ ભાગ જ હતો પણ અશ્વપતિને તેની સમજણ ન પડવાથી તેને તે ગૂંચળા જેવા લાગતાં હતાં. સૂક્ષ્મ જગતો ત્રિઆયામી અથવા ત્રિમિતિક જ હોતા નથી. પણ બહુ - આયામી અને બહુમિતિક હોવાથી અશ્વપતિને તે ગૂંચળાઓ જ લાગતાં હતાં કોઈ કોઈ વખત કોઈ જગતનું દૃષ્ય અને આકારો રચાતા પણ તરત વિખાઈ જતાં હતાં. શ્રી અરવિંદ લખે છે કે

Air glowed and teemed with marrellous shapes and hues,

અશ્વપતિને એવી અવનવી સુગંધો આવી રહી હતી જે તેણે કોઈ વખત આ ભૌતિક જગતમાં અનુભવી ન હોય. આ બધી પેલા સૂક્ષ્મ - જગતની હાજરીને લીધે અનુભવાતી હતી. અશ્વપતિના જીભ ઉપર સ્વર્ગીય મધુરતાના સ્વાદો આવી

રહ્યાં હતાં. આ સ્વાદો પણ પેલા સૂક્ષ્મ - લોકનાં જ હતાં. શ્રી અરવિંદ લખે છે કે

In the nostrils quivered celestial fragrances,
On the tongue lingered the honey of paradise.

માનવ જેને પોતાની ઈન્દ્રિયો ગણે છે તે તો ઈન્દ્રિયોના ફક્ત ભૌતિક આધાર માત્ર હોય છે. સાચી ઈન્દ્રિયો સૂક્ષ્મ હોય છે અને આ શરીરના ત્યાગબાદ પણ હસતી ધરાવે છે અને અપાર્થિવ વસ્તુઓને પણ ખરેખર જોઈ શકે છે. માનવ પોતાની ઈન્દ્રિયોના ભૌતિક આધાર ને જ ઈન્દ્રિયો માનતો હોવાથી જ તેની ઈન્દ્રિયોની ક્ષમતાઓ ઉપર મર્યાદાઓ પડી ગઈ છે. જેમ જેમ તે પોતાના ભૌતિક સ્વરૂપથી મુક્ત થતો જાય છે તેમ તેમ તેની ક્ષમતાઓ વધતી જાય છે. જ્યારે પોતાને તે આત્મતત્વ ગણે છે ત્યારે જ તેની ઈન્દ્રિય - ક્ષમતાઓ સર્વાંગપૂર્ણ રીતે ખીલી ઊઠે છે કારણ ઈન્દ્રિયો પણ આખરે તો આત્મતત્વની જ બનેલી હોય છે ને !

શ્રી અરવિંદ હવે આવી અદભૂત ઘટનાઓ થવાનું મૂળ - કારણ આપે છે. અખિલ બ્રહ્માંડમાંના જગતો એક બીજાથી અલગ અને અસંબદ્ધ નથી પણ તેઓ એક અતિવિશાળ આયોજનનાં અંગો માત્ર છે. સમગ્ર બ્રહ્માંડમાં એક વૈશ્વિક સંવાદિતા છે અને બધા જગતો એક બીજા સાથે વિવિધ નાડીજાળો અથવા નેટવર્કથી, વેબસાઈટથી જોડાયેલાં છે. જ્યારે વ્યક્તિમાં આ નેટવર્ક કે વેબસાઈટને વાપરવાની, ખોલવાની ક્ષમતા આવે છે કે તરત ઉપર જણાવેલાં બધાં પરિણામો સહજ બની જાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે સમગ્ર બ્રહ્માંડ હવે એક સંવાદિતાની હારમાળા બની ગયું હતું.

A channel of universal harmony

અશ્વપતિ ભૌતિક જગતમાં ન સાંભળેલી સુરાવલિઓ સાંભળી રહ્યો હતો. આવું સ્વર્ગીય સંગીત તેણે કોઈ વખત સાંભળ્યું જ નહોતું. આ ઊર્ધ્વમાંથી અવતરણ પામતી દિવ્ય-શક્તિઓના કારણે સંભળાતું સંગીત હતું. પાયથાગોરસે આને "Celestial Songs" તરીકે વર્ણવેલ છે. શાસ્ત્રોમાં આને અનાહત - ધ્વનિ કહે છે. આ નાદ-બ્રહ્મનો સાક્ષાત્કાર હતો. અશ્વપતિને પોતે કોઈ સ્વર્ગીય - જીવન જીવી રહ્યો છે એવો ભાસ થતો હતો.

Hearing was a stream of magic audience,
A bed for occult sounds earth cannot hear.

અશ્વપતિની ચેતનાની પરમ - ચેતનાના સાથે થએલ મિલનની આ મધુરજનીનો ભવ્ય સમારંભ ઉજવાતો હતો.

# ભારતને ઓળખો

(પ્રાસંગિક)

(ગતાંકથી ચાલુ)

સમગ્ર માનવ-જાતનો આદર્શ રહેવાનો છે માનવને અતિમાનવમાં વિકસાવવાનો. જીવનને દિવ્ય-જીવનમાં ઢાળવાનો. માનવી સ્વરૂપમાંના બધા જ તત્વોને આત્મશક્તિથી શાસિત કરી પ્રકાશમય રૂપાંતર સાધવાનો. આપણી આ આધ્યાત્મિકતા જીવનના કોઈ પાસાને ત્યાગતી નથી. કે તે તરફ દુર્લક્ષ્ય પણ કરતી નથી. બધાને જ ફૂલની પાંખડીઓની જેમ કેન્દ્રીય આધ્યાત્મિકતા સાથે જોડીને તેને અનુરૂપ ઢાળે છે. દરેક પાસુ તે આધ્યાત્મિકતામાંથી જ પ્રેરણા લે છે, શક્તિ મેળવે છે અને તેને અનુરૂપ વિકાસ સાધે છે, જેથી જગત પ્રભુનો જ આવિર્ભાવ સ્વરૂપ બની રહે - શાશ્વતકાળ માટે. આ માટે જે પણ વ્યક્તિ જે કાંઈ કરશે એ કર્મ તે પોતાના કર્મના સ્વામી રૂપ આત્મતત્વને જ અર્પણ કરી દેશે. આમ કરવું એટલે જ દરેક કાર્યને યોગમાં ફેરવવો. 'યોગસ્થ કુરૂ કર્માણિ' નો આ અર્થ છે.

આજે જૂના યુગનો અસ્ત થઈ રહ્યો છે. જૂના યુગમાં ભારતે વ્યક્તિ માટે આંતરબાહ્ય આધ્યાત્મિક જીવનની શક્યતા શોધી કાઢી. હવે નવા યુગમાં ભારત સમગ્ર માનવ જાત માટે સામૂહિક રીતે આંતરબાહ્ય આધ્યાત્મિક જીવનની શક્યતા શોધી જગતને આપશે.

**ઉપાય યોજના**

(૧) પ્રથમ તો માનવજાતિ સામેના આ સાચા આદર્શને સમગ્ર માનવજાત જાણે એ રીતે પ્રકટ કરવાની જરૂર છે તે માટે અત્યાધુનિક સાધન-સામગ્રીનો મુક્ત હસ્તે ઉપયોગ કરવામાં જરાપણ સંકોચ રાખવાની જરૂર નથી.

(૨) આ માટેની તૈયારીરૂપ જે વ્યક્તિગત રૂપાંતરની જરૂરિયાત છે તે દરેકને સાધ્ય કરતાં શિખવવું પડશે. પણ આ વ્યક્તિગત સાધના સાથે સામૂહિક-સાધનાને પણ તેટલું જ મહત્વ આપતા શિખવું પડશે. જેથી આવા પ્રયત્નો કરનાર વ્યક્તિઓ સહજ રીતે સંઘટીત બનીને એક દિવ્ય-સંઘ તરીકે સક્રિય બને. તે માટે આધ્યાત્મિક કેન્દ્રોને સાચા અર્થમાં સક્રિય કરવા પડશે અને સ્થાનિક અને રાષ્ટ્રીય કક્ષાએ સંઘટીત કરવા પડશે. આ કાર્ય જરૂરિયાત મુજબ આધ્યાત્મિક સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, આર્થિક સ્વરૂપનાં કાર્યો તરીકે બહારથી દેખાશે.

(૩) અંતે આ કોઈ ખાસ રાષ્ટ્રનું કાર્ય ન રહેતા સમગ્ર માનવજાતિનું બની

રહેશે. રાષ્ટ્રમાંના કેન્દ્રો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જોડાણો કરશે.

**દિવ્યયોદ્ધાની લાયકાત**

આ દિવ્ય કાર્ય માટે જે દિવ્ય-યોદ્ધાઓ તૈયાર કરવા પડશે તે નીચેની વ્યક્તિઓ તો નહિજ હોય.

(૧) પોતાના ધર્મને પરંપરાગત અને રૂઢિચુસ્ત સંપ્રદાય કે કર્મકાંડ સ્વરૂપે જ સમજનાર સંકુચિત મનોવૃત્તિ ધરાવા સર્વ સામાન્ય વ્યક્તિ કે ધર્મઝનુની વ્યક્તિઓ.

(૨) વ્યક્તિવાદ, મૂડીવાદ, સમાજવાદ આવા ઉપરછલ્લા વાદોમાં જ અટવાઈ જતાં રાજકારણીઓ, સમાજ સેવકો અને રાજકીય પાર્ટીઓ

(૩) ફક્ત વૈચારિક ચિંતન કરી પોતાના રાષ્ટ્રનું તત્વજ્ઞાન રચતી અથવા વિજ્ઞાનની શોધખોળો દ્વારા પોતાના રાષ્ટ્રને જ પૃથ્વી ઉપર રાજ કરતાં જોવા ઈચ્છતી ઘેલછા ધરાવતી અસંતુલિત વ્યક્તિઓ.

(૪) ફક્ત ભૌતિક જીવનની સુખ સુવિધાઓમાં રાચતા સામાન્ય માનવીઓ અને વ્યક્તિગત કૌટુંબિક સમૃદ્ધિનાં આર્થિક, રાજકીય, સામ્રાજ્યો રચવામાં મશગૂલ રાતદિવસ સ્પર્ધા જીતવા નૈતિકમૂલ્યોને પગ નીચે કચડતા રાજકીય આર્થિક સત્તા ઘેલાં વિકૃત માનવીઓ.

આવી વ્યક્તિઓ જ્યાં સુધી પોતાના વિચારોને ધરમૂળથી નહિ બદલે ત્યાં સુધી સાચા યોદ્ધા નહિ બની શકે. આવી વ્યક્તિઓ આ દિવ્ય યોદ્ધાઓની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી પોતાનો સ્વાર્થ સાધવાની જ પેરવી વધારે કરશે. (ક્રમશઃ)

## સાચી મુક્તિ

મારાં જન્મ અને મરણની ક્રિયા બહુ સાહજિક લાગી છે હું પુસ્તક બંધ કરું ને ઉઘાડું એટલી સાહજિક. અને આ સતત ફરતી ઘટમાળ સાથે હું કશાને જોડતો નથી. અને આને જ હું સાચી મુક્તિ માનું છું. જીવનના આ આરોહ - અવરોહને આ રીતે જોતાં શીખવાથી હું એટલું કહી શકું કે માણસને જે પ્રાપ્ત કરતાં હજ્જારો જન્મો ઓછાં પડે તે માત્ર તે એક જ જન્મમાં મેળવી શકે છે. જન્મ અને મૃત્યુની ઘટમાળ ને જીવ અશ્પર્શ્ય રીતે જોતો થઈ જાય તો ભૂત અને ભવિષ્યને જોવાં જરાય અઘરાં નથી. - **શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**



**શ્રી અરવિંદ**

ભારતની ગરિમા અતિ, દિવ્યપરંપરા અગાધ,
શ્રી અરવિંદે સચેત કર્યો, જગદ્ગુરૂ પદે વિખ્યાત.

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



**સુરમ્ય સુહાસ્ય સનાતન શોભે.**

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦.૦૦
વિદેશમા : ૫૦૦.૦૦

DATE OF POSTING : 1st OF EVERY MONTH